॥ ॐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

# પ્રેરણાપીયૂષ








क्लेश, कर्म, कर्मों के फल और वासनाओं से विमुक्त अैसा विशेष चेतन (वेही अेक मात्र) अीश्वर हैं। अीश्वर संपूर्ण सर्वज्ञ हैं। अीश्वर त्रिकालिन गुरुओं के भी गुरु हैं; काल से अुन का छेदन-भेदन नहीं हो सकता। अीश्वर का नाम प्रणव (ओम् = ॐ) है। ओम् का सार्थक जप करने से आत्मसाक्षात्कार होता है और अन्तरायों का अभाव हो जाता है।

# પ્રેરણાપીયૂષ

( શ્રી ગુરુપ્રેમભિક્ષુજીના પ્રેરણાદાયી પત્રો )

જયનારાયણ ગ્રંથાવલી - પુષ્પ અગિયારમું

—: સંપાદક :—

નૈષધરાય

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :-
ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુપરિવાર ટ્રસ્ટ વતિ
ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુ
3/બ ~~૧/અ~~, પલિયડનગર સોસાયટી
સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ રોડ
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન-૪૯૫૧૯૫

આવૃત્તિ :- પ્રથમ પ્રથમ આવૃતિ-૧૨-૩-૮૯ (મહાશિવરાત્રી)

પ્રત :- ૧૦૦૦

(C) સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

કિંમત :- રૂા. ૮=૦૦

સંપાદક :- નૈષધરાય

મુખપૃષ્ઠ : શ્રી નરેન્દ્ર પટેલ

મુદ્રક : બેલા ટાઈપ સેટીંગ વર્કસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.

॥ ॐ ॥

॥ તસ્ય વાચકઃ પ્રણવઃ ॥

# બે બોલ

આ પુસ્તિકાની રચનામાં નિમિત્ત બન્યા છે શ્રી ગુરુપ્રેમભિક્ષુજી (વિનુભાઈ એમ. શાહ) દ્વારા અમેરિકાથી લખાયેલા પત્રો.

આ પત્રો લખાયેલા છે પ. પૂ. ગુરુદેવ બાપુ યોગભિક્ષુજી ઉપર કે જેમને તેઓ સદ્‌ગુરુદેવ માને છે.

આમાંના એકે એક પત્રપ્યાલામાં, અનન્ય ગુરુનિષ્ઠા અને કલ્યાણ-પ્રદાતા પ્રેરણાનું પીયૂષ ભરપૂર ભરેલું છે. એક પંચમહાભૂત માનવ-શરીરમાં, બીજું પંચમહાભૂત માનવશરીર કેટલી હદે નિષ્ઠા ધારણ કરી શકે છે તેનો સાક્ષાત્કાર આ પુસ્તિકામાંથી થઈ શકે છે. આવી દીર્ઘકાલીન અખંડ અને નિષ્કામ નિષ્ઠા ફળવતી કેમ ન થાય? ભલે મનુષ્યની શક્તિ સમર્યાદ હોય પણ નિષ્ઠાની શક્તિ અમર્યાદ છે; ભલે આશીર્વાદ આપનારો કદાચ અમોઘ વરદાતા ન હોય, પણ તોય આશિષ પ્રાપ્ત કરનારાની નિર્મળતા અને નિરાભિમાનતારૂપી તપ જ સફળતાને ખેંચી લાવતાં હોય છે.

૧૦-૪-૮૦ થી ૨૫-૧૦-૮૦ સુધીના પત્રો મહામનાં વસુબેન ઉપરના છે. તેમાંથી પણ કાંઈક જરૂર પ્રાપ્ત થઈ શકે તેમ છે. અસ્તુ.

આ નાની પણ અતિ મૂલ્યવાન પુસ્તિકા "પ્રેરણાપીયૂષ"માંથી સર્વે જિજ્ઞાસુઓને ગુરુનિષ્ઠાની પ્રેરણાનાં પીયૂષ જરૂર પ્રાપ્ત થશે એવી પરમ ગુરુ પરમાત્માને પ્રાર્થના છે.

ડૉ. સદ્‌ગુરુ સમર્પણ ભિક્ષુના
જયગુરુદેવ — જયનારાયણ

## :ગુરુની જરૂરત નથી!?:

### (વક્ર – અવક્ર – સુસંવાદ)

**અવક્રજી :** શ્રી ગુરુગીતામાં કહ્યું છે કે એકાક્ષર બતાવનારા ગુરુને જે નથી માનતો તે સો વખત શ્વાનયોનિ ભોગવીને પછી ચંડાળને ત્યાં જન્મે છે (૨૬૮). સંસારમાં સાત કરોડ મહામંત્રો પ્રચલિત છે પણ તે સર્વ ચિત્તમાં વિભ્રમ ઉત્પન્ન કરનારા છે; સર્વથી શ્રેષ્ઠ તો બે અક્ષરવાળો 'ગુરુ' મંત્ર જ છે (૨૭૨).

**વક્રજી :** તમો ગુરુની આવશ્યકતાની આવી મોટી મોટી વાતો કરો છો પણ હિમાલયના એક મહાન વિદ્વાન સંત આવ્યા છે તે તો કહે છે કે ગુરુની જરૂરત જ નથી, આપણે પોતે જ ગુરુ છીએ, બધું જ સમાધાન આપણી અંદરથી જ મળી રહે છે.

**અવક્રજી :** "ગુરુની જરૂરત જ નથી" તે તેમની વાત જો તમને સાચી લાગી હોય તો તે જ તમારા ગુરુ. "ગુરુની જરૂર નથી" એ માહિતી તમને તેમના દ્વારા જ મળીને? કાંટો કાઢનારનો પણ ગુણ ન ભૂલનાર આપણે આવું રહસ્ય સમજાવનારને તો ભૂલીએ જ કેમ? વળી આપણી વક્રતાનો અને હોશિયારીનો પણ ક્યાં પાર છે? "ગુરુની જરૂરત નથી" એમ કહેનારને જ ગુરુ બનાવી દઈએ છીએ અને તેમને ગુરુ બનવા માટે તૈયાર પણ કરી શકીએ છીએ! "મૂર્તિની જરૂરત નથી" તેમ કહેનારની જ મૂર્તિ બનાવીએ છીએ અને તેમની પાસેથી તેમની મૂર્તિ બનાવવાની સ્વીકૃતિ પણ મેળવી શકીએ છીએ! એ વખતે પછી કોણ ગુરુ અને કોણ શિષ્ય એ જ નક્કી થઈ શકતું નથી!

**વક્રજી :** એકાક્ષર બતાવનારા ગુરુ અને સાત કરોડ મંત્રો વિભ્રમ ઉત્પન્ન કરનારા છે તે બાબતમાં જરા વધુ સમજાવો તો સારું.

**અવક્રજી :** ભલે, સમજાવું પણ એક શરતે! પછી તમે મને ગુરુ બનાવી દેશો પણ હું તમારો ગુરુ નહીં બનું. છે મંજૂર?

**વક્રજી :** મંજૂર છે એમ તો કેવી રીતે કહી શકાય? આવી બધી બાબતોમાં પણ "પીછેસે ચલી આતી હૈ" જેવું જ થાય છે! પણ આગે આગે ગોરખ જાગે, અત્યારે તો સમજાવો.

**અવક્રજી :** આગે આગે કેવા ગોરખ જાગશે તેની તો અમને ખબર છે પરંતુ અત્યારે તો અમારા આનંદ ખાતર થોડી વાતો કરીએ.

ગુરુગીતામાં સાત કરોડ મંત્રોની જ વાત કરી છે પણ ભલેને અનંત કરોડ મંત્રો હોય! તે બધા વિભ્રમ જ ઉત્પન્ન કરે. હર કોઈ બાબતની જાણકારી તેના જાણકાર પાસેથી મેળવવી પડે છે તેમ મંત્ર (રહસ્યોની) બાબતમાં પણ છે. મંત્રનું પૂર્ણ ફળ પ્રાપ્ત કરવા તેના વિધિવિધાનની જાણકારી તેના જાણકાર પાસેથી મેળવવી પડે છે. તેને જ આપણે ગુરુ કરીએ છીએ. ગુરુજીના માર્ગદર્શન સિવાય ફળની પ્રાપ્તિ ન થાય અને તેથી એક મંત્રમાં સ્થિર ન થઈ શકીએ અને જુદા જુદા મંત્રો બદલતા રહીએ તેને ચિત્તવિભ્રમ ન કહેવાય તો બીજું શું કહેવાય?

ભૌતિક વિદ્યાઓના દાતાઓને જાણકાર, માર્ગદર્શક, દિગ્દર્શક, ઉસ્તાદ, માસ્તર વગેરે સંબોધનો થાય છે. પરંતુ આધ્યાત્મિક વિદ્યાના દાતાને જ ગુરુ નામથી સંબોધાય છે. કારણકે બધી વિદ્યાઓમાં આધ્યાત્મિક વિદ્યા ગુરુ છે – ભારે છે. તેની તુલનામાં બીજી વિદ્યાઓને લઘુ ગણવામાં આવે છે. જે પ્રકારની આપણી લઘુતાને જે ટાળે તે, તે પ્રકારના આપણા ગુરુ. આપણે હાલમાં જે કાંઈ છીએ તે ગુરુજનોને પ્રતાપે જ છીએ. અન્યો પાસેથી આપણને જે કાંઇ પ્રાપ્ત થયું છે તે બધું તેમને સૌને પાછું આપી દઈએ તો આપણી પાસે કેવળ એક વેંતભર દિગંબર શરીર જ બચી રહે! શરીર પણ માતાપિતાએ જ આપેલું છે, તે પણ જો માતાપિતાને પાછું આપી દઈએ તો?

વક્રજી: તો તો કાંઈ જ ન રહે. હવે થોડું એકાક્ષર મંત્ર વિષે સમજાવો.

અવક્રજી: પૂ. પા. પતંજલિએ ત્રિકાલીન ગુરુઓના પણ ગુરુ-પરમગુરુ, ઈશ્વરને ગણ્યા છે. તેમણે ઈશ્વરની ઓળખ આ રીતે આપી છે:–

ઈશ્વરગુરુમાં કલેશ, કર્મ, વાસના અને કર્મફળો નથી; તેમનામાં સંપૂર્ણ સર્વજ્ઞપણું છે; તેમને કાળ છેદી–ભેદી શકતો નથી; તેમનું નામ ઓમ્ છે. ઓમ્‌નો સાર્થક જપ કરવાથી વિઘ્નો ટળે છે અને સાચી સમજણની પ્રાપ્તિ થાય છે.

બે અક્ષરવાળા "ગુરુ" દ્વારા એકાક્ષર મંત્ર (ॐ)ને પ્રાપ્ત કરવાનો છે. પાંચસો–સાતસો રૂપિયાનો પગાર આપનારને પણ આપણે માનીએ છીએ તો જેનાથી જીવન ભર્યું ભર્યું બની જાય તેવા પરમગુરુ ઓમ્‌ને આપનારને – ઓમ્ વિષેની ઘણી મૂલ્યવાન સમજણ આપનારાને ન માનીએ તો કેટલા નુકસાનીમાં રહી જઈએ?

ઓમ્‌ની મહત્તા આ રીતે બતાવી છે –

* કામદં મોક્ષદં ચૈવ ઓમ્‌કારાય નમો નમઃ

* મંત્રાણાં પ્રણવઃ સેતુઃ

* સર્વં મંત્રેષુ નાયકમ્‌

ભાવાર્થ : પ્રણવ–ઓમ્ સર્વ મંત્રોમાં પ્રવેશવા માટે પુલની સમાન છે; સર્વ મંત્રોમાં નાયક છે અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષને આપે છે.

એકાક્ષર બતાવનારા ગુરુને જો ન માનીએ તો એકાક્ષર વિષેની સાચી જાણકારી મળે નહીં, અને તો ઘણા મોટા નુકસાનમાં રહેવાય. તે નુકસાનનું વર્ણન આ રીતે કરાયું છે :-

સો વખત ચંડાળ (અતિ અજ્ઞાની) યોનિમાં જન્મ થાય અર્થાત્ સો સો જન્મ સુધી અજ્ઞાની જ રહેવાય. અને પછી પણ કૂતરાની યોનિમાં જ જન્મ થાય. એટલે કે મહાદુઃખી થવાય.

કૂતરાની યોનિ મહાદુઃખદાયક છે. કૂતરાનો કાંઈ ઉપયોગ નહીં તેથી તેનો કોઈ ધણી નહીં; તેથી તેની સંભાળ કોણ રાખે? બીજાં પશુપક્ષીઓ તો ખાવા–પીવામાં સ્વતંત્ર, માળો બાંધીને પણ રહે. કૂતરાને ન ભૂમિ ઉપર કે ન ઝાડ ઉપર નિવાસસ્થાન; ન તે આકાશમાં ઊડી શકે. તે બિચારું મનુષ્યના આધારે જીવે અને મનુષ્યનું આપેલું ખાય–પીવે. અને વળી તેની પ્રજોત્પત્તિ વખતની સ્થિતિ પણ કેવી ભયંકર દુઃખદાયક! એવી સ્થિતિ તો બીજા કોઈનીય નહીં.

વક્રજી : આજે તો આપની પાસેથી ઘણી ઉપયોગી વાતો સાંભળવા મળી.

અવક્રજી : તમારી વાત તમે જાણો. અમે તો અમારા આનંદ ખાતર વાતો કરી ભાઈ! હવે તમે પાછા આગે આગેના ગોરખને જગાડતા નહીં!

—યોગભિક્ષુ

તા. ૧૦-૪-૮૦

.... કોઈ વસ્તુનો શોક ન કરવો. પ્રભુ સારા માટે જ કરે છે. દરેક કામ ચોકસાઈથી કરવું. જીવનમાં વ્યવસ્થિતતા કેટલી કામની છે તે હવે ખ્યાલ આવે છે...ગુરુજીનાં દર્શન કરવા જવું. સંતો કેટલા દયાળુ હોય છે! બાપુની કૃપાથી કશું જ અશક્ય નથી.

❋

તા. ૨૭-૪-૮૦

ગુરુજીની કૃપાથી બધું બરાબર છે. મને લાગે છે જે કાંઈ થાય છે સારા માટે. દરરોજ 'ઓમ્ ગુરુ ઓમ્' ની માળા કરવી. સવા લાખ મંત્ર કરવા....અહીંની ચિંતા ન કરવી. ગુરુજીની સેવા કરવી અને સંગાથ કરવો હોય તો ગુરુજીનો કરવો....

.... કોઈનાથી ડરવું નહીં. કોઈ પણ સંજોગોમાં ધીરગંભીરતાથી રસ્તો શોધવો. મનુષ્યજન્મ વારંવાર આવતો નથી. છેલ્લે બધું જ છોડવાનું છે. પ્રભુસ્મરણ કરી લેવું. ગુરુજી પાસેથી ખાસ બોધ ગ્રહણ કરવો, જીવનમાં ઉતારવો. મોટી પ્રાપ્તિ માટે મોટો ભોગ આપવો પડે.

❋

તા. ૫-૫-૮૦

....તમો બહુ જ સુખી હશો. બહુ જ સેવા કરો. ગુરુ મહારાજની પાસે વારંવાર જવું. તમારાથી દૂર છું પરંતુ નજીક છું. માણસ પાસે હોય છે ત્યારે તેની કિંમત હોતી નથી, દૂર જાય છે ત્યારે સમજાય છે. પરંતુ બધી ક્રિયા પ્રભુમય છે.....

❋

તા. ૧૯-૫-૮૦

....તમારે તો બધાને હિંમત આપવાની હોય. ઢીલા ના પડવું જોઈએ. જેને ગુરુજી હોય તેને આ સંસારમાં કોઈથી ડરવાની જરૂર નથી. ગુરુજીનાં દર્શન કરવાં એટલે ગુરુજીની આજ્ઞા પ્રમાણે ચાલવું. તેને દર્શન કહેવાય.

તા. ૧૦-૬-૮૦

....મનને બહુ જ શાંત રાખવું. પ્રભુએ નિર્માણ કર્યું છે તેમાં ફેરફાર નથી. ગુરુદેવની બહુ જ સેવા કરશો. મેં પહેલેથી કહ્યું હતું કે ગુરુજીથી વિશેષ મારા જીવનમાં કોઈ જ નથી. પ્રભુ પણ નહીં. દરરોજ 'ઓમ્ ગુરુ ઓમ્' ની માળા કરવી.

તા. ૪-૭-૮૦

....બાપુ જ્યાં જાય છે ત્યાં ભગવાનને આંટા મારવા જ પડે. સંત પુરુષોનું પ્રભુ ધ્યાન રાખે છે. ઇતિહાસ સાક્ષી પૂરે છે.

પત્રોની રાહ ઘણી જુવો છો તેટલી પરમાત્માની રાહ જુવો. જન્મ-મરણ બહાર નીકળી જવાય. મનુષ્ય દેહ ઉપર આટલી આસક્તિ! છતાં કર્મનાં બંધન પૂરાં કરવાનાં છે. તમો સતત 'ગુરુ ઓમ્-ગુરુ ઓમ્' સ્મરણ કરો. ખરાબ વિચારથી દૂર રહો. ગુરુજી પાસેથી અમૂલ્ય વારસો મળ્યો છે.

તા. ૧૮-૯-૮૦

ગુરુજીની કૃપાથી બધું થઈ રહેશે. ગુરુજીએ વિદાય વખતે સ્કૂલની જેમ દફતર આપ્યું હતું. હવે ખ્યાલ આવે છે. ગુરુજી જે બોધ આપતા હતા તે અક્ષરશઃ સાચું છે પરંતુ તે વખતે અભિમાન હોય છે, ખબર પડતી નથી. તમો નસીબદાર છો. ગુરુજીના સાંનિધ્યમાં છો....હવે જે કાંઈ બનશે કે બનીશ તે ફક્ત બાપુની કૃપા માનજે. પહેલાં કહેતો હતો બાપુ જ બધું કરી રહ્યા છે. હવે બાપુ જ કરે છે આ મારી અનુભૂતિ છે. નોકરી કરવાનો છું કે ધંધો કે મિશનનું કામ; ખબર નથી. પરંતુ મિશનના કામમાં રસ વધારે છે. પછી ઓમ્ પ્રભુ ગોઠવે તે ખરું.

હું નિરાશ નથી, નિરાશ થતો નથી, નિરાશ થવાની જરૂર નથી. પરિસ્થિતિ બદલાય છે. આપણે સ્થિર રહેવાનું છે. આ સત્યને વળગી રહ્યો છું.

(ગુરુજીને)....ગુરુજીના સાંનિધ્યમાં હતો ત્યારે ખબર નહોતી કે રાત અને દિવસ કોને કહેવાય. ગુરુજીની અપરંપાર કૃપા તો છે. કોઈ તકલીફ નથી. પરંતુ સારી જોબ મળે અથવા મિશનનું કામ ચાલે તો ઘર સ્થિર થાય....આપના કહ્યા મુજબ ચાલી રહ્યો છું. આપના પત્રો જીવનમાં ચેતના રેડે છે. મારું અહોભાગ્ય છે કે આપના પત્રો ચેતના બની ઊઠે છે.

❋

તા. ૨૫-૧૦-૮૦

.... બધી જ સ્થિતિમાં સુખ અનુભવું છું. શ્રી ગુરુદેવ મળ્યા ન હોત તો મારું વહાણ કઈ દિશામાં હોત તે કહી શકાય નહીં. જન્મ મરણના ફેરામાંથી મુક્ત થવાનું નિશ્ચિત થઈ ગયું છે.

❋

**શ્રી ગુરુપ્રેમભિક્ષુજીએ પોતાના ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી ઉપર લખેલા પત્રોના પ્રેરણાદાયી અને ગુરુનિષ્ઠાયુક્ત અંશો.**

તા. ૧૬-૪-૮૩
હોબોકેન યુ. એસ. એ.

પ. પૂ. પ્રાતઃ સ્મરણીય ગુરુદેવ બાપુ,

આપના ગયા પછી ઘરમાં મને શૂન્યાવકાશ લાગ્યું. અને તે ક્ષણે શ્વાસ ના લઈ શકયો. (પૂ. બાપુ અમેરિકાથી ભારત જવા નીકળ્યા ત્યારની આ વાત છે.) સંતોની પ્રેમ નીતરતી વાણી મારા જેવા નિષ્ક્રિય માણસને ચેતન બનાવવા શું કરી શકે છે તેનો જાતે જ અનુભવ કર્યો. ગુરુજી, આપ વિષે કાંઈ લખવું કે બોલવું તે બધું સૂરજની સામે દીવો ધરવા જેવું છે. ઘણાં માણસોને આપ દ્વારા અનન્ય અનુભૂતિ થઈ છે તે નિશ્ચિત છે....જે કાંઈ પ્રાપ્તિ છે તે આપ દ્વારા જ છે. પ્રભુ આવે છે ત્યારે ઓળખાતા સમજાતા નથી, જાય છે ત્યારે શોધે છે. તેનું નામ માયા; નહીં તો બીજુ શું ?

અત્યારે હું તો દિશાશૂન્ય છું. શું કરવું, શું ના કરવું કાંઈ ખબર નથી પરંતુ ગાયત્રીમાળા નિયમિત કરું છું....આપની કૃપાથી અનુભૂતિ કરું તેવી કૃપા કરશો.

બધાને માટે આપ સંસ્મરણ બની રહ્યા છો. યુગોની ઊંઘ ઊડી છે. મગજ તર્ક-વિતર્કથી બહાર નીકળી ગયું છે. દસ માસમાં મારા જીવનનું ઘડતર થયું છે. છતાં જૂનો સ્વભાવ બહાર આવી જાય છે.

લિ. પ્રેમભિક્ષુના દંડવત્ નમસ્કાર

તા. ૧૩-૫-૮૩
હોબોકેન યુ.એસ.એ

પ. પૂ. પ્રાતઃ સ્મરણીય શ્રી ગુરુદેવ બાપુ,

આપની સેવામાં. જત આપનો પત્ર મળ્યો. અનહદ આનંદ થયો છે. વિચારોની ગતિ નિયંત્રિત થઈ રહી છે. આપના નિવાસ દરમ્યાન આનંદ આનંદ હતો. પછી વાતાવરણ નિષ્ક્રિય થઈ ગયું છે. સાચી સમજણ સમાધિ અવસ્થાએ પહોંચે ત્યારે વ્યકિત તેના જીવનમાં નિવૃત્ત પામે તેમ બન્યું છે.

અમેરિકાના જીવનમાં પલટા પુષ્કળ આવે છે. પ્રકૃતિ અને હવામાનમાં પુષ્કળ પલટા આવ્યા છે. વસંતઋતુમાં પુષ્કળ વરસાદ પડયો અને ઉનાળામાં વસંતઋતુ જેવું. કાંઈ ખબર નથી. પ્રકૃતિ પણ આપની પાસે ઝૂકે છે તે દિવ્ય અનુભવ થયો છે....દશ મહિનામાં મગજ એક્ટિવ બની ગયું છે. કઈ દિશામાં કયું સ્વરૂપ લેશે તે ખબર નથી પરંતુ આપની કૃપા જ સર્વત્ર સરળ કરી દેશે. જીવ-જગતનું કલ્યાણ આપના દ્વારા થશે તે નિશ્ચિત છે.

પ્રભુ આપની કૃપા જ સર્વ સમાધિનું મૂળ છે.

ઓમ્ ભગવાન જે કરે છે તે કલ્યાણમય હોય છે એવી મારી અનુભૂતિ છે.

લિ. ગુરુપ્રેમભિક્ષુના નમસ્કાર નારાયણ

તા. ૧૭-૬-૮૩
હોબોકેન યુ.એસ.એ.

પ. પૂ. પ્રાત: સ્મરણીય શ્રી ગુરુદેવ બાપુ,

દરરોજ વિવેકપૂર્ણ રીતે, માનસિક રીતે અદબ જાળવીને આપની સવાર અને રાત્રે પ્રણવવંદનાની આરતી કરું છું. એક દિવસ સાકાર થશે. મન આઝાદી માંગે છે પણ સ્વચ્છંદતા નહીં. ગુરુઆજ્ઞાથી ચાલવાનું. ઓમભગવાનને મંજૂર હોય તે જ થાય છે. ઓમ્ નું ધ્યાન અમોઘ ચાવી છે તેવી અનુભવથી ખબર પડી. આપની પાસેથી ઘણું જાણ્યું. ઋણ ચૂકવવા માટે બધું જ ઓછું પડે છે. છતાં જ્યારે માણસ થાકી જાય છે ત્યારે ભગવાન છે એવું કહ્યા વગર રહી શકતો નથી. ઓમ્ ભગવાનના કાર્યક્રમ અચૂક પાર પડશે તેમાં શંકા નથી. પ્રગટ સ્વરૂપે બિરાજમાન પ્રભુ છે તો શ્રદ્ધા અને શકિત અવિરત રીતે સમય અને શિસ્ત સાથે કામ કરશે જ; આ વાત સત્ય છે. થોડી ઓછી સમજણ-વાળા માટે નજીકનું દર્શન પણ દૂર લાગે છે. આવતો ઇતિહાસ સુવર્ણ અક્ષરોથી લખાશે. પરંતુ તે બધી જ કૃપા આપની છે. એ

માન્ય રાખવું જ પડશે. ભૌતિક રમકડામાં રાચતા જીવોને સુખ માટે સાચી સમજ ક્યારે મળે ? જીવ, જગત અને જગદીશ એ દ્વૈતને અદ્વૈતમાં લઈ જવાનું શકય ત્યારેજ બને જ્યારે આપની પરમકૃપાનું અવતરણ થાય.

ત્યાગીઓનાં જીવન ઘટનાઓની ઘટમાળ છે. દૂર રહીને જોવાની મઝા આવે છે. છતાં તેમનામય થઈને જીવીએ તો આનંદ થાય છે. છતાં આપણું કશું જ અને કાંઈ નથી, એવો ભાવ ઓમ્‌ભગવાન પ્રગટાવે છે. ....આપે કહ્યું હતું કે બે-ત્રણ માસ પછી બત્તીઓ પ્રકાશશે તેની અનુભૂતિ થઈ રહી છે. બાપુ અતિશયોકિત નથી કરતો પરંતુ જ્યાં જ્યાં આપની પધરામણી થઈ છે ત્યાં સુખ અને શાંતિ પ્રગટયા છે.

શશીકાન્તભાઈનો અહેવાલ વાંચ્યો, આનંદ થયો. તેમની લખવાની શૈલી સુંદર છે. અને નમ્રતા પુષ્કળ છે. મહા પુરુષોનું જીવનચરિત્ર લખવા માટેની શકિત ઓમ્ ભગવાને રેડી છે, એ ગૌરવની વાત છે. પૂજ્યશ્રીની કૃપાવાણી તેમનામાં દેખાય છે.

લિ. આપનો આજ્ઞાંકિત ગુરુપ્રેમભિક્ષુના પ્રણામ

તા. ૯-૭-૮૩

હોબોકેન યુ. એસ. એ.

પ. પૂ. પ્રાતઃ સ્મરણીય શ્રી શ્રી શ્રી ગુરુદેવ બાપુ,

આપના બધા પત્રો મળ્યા છે. વિક્રમ પટેલ ઉપરનો ઓમ્ મળ્યો છે. તેમનું માનવું છે કે ગુરુજીની આજ્ઞા પ્રમાણે ચાલતા નથી તેથી અગવડો ભોગવીએ છીએ....

ત્રણ દિવસ ઉપવાસ કરવા છે અને ગાયત્રી જપ કરવા છે. મને જ્યારે જ્યારે અહંકાર ભરેલા વિચારો આવે છે ત્યારે ઉપવાસ કરું છું. એક દિવસ માતાજીનું સપનું આવેલું. માતાજીએ મારા મોઢામાં પ્રસાદી મૂકીને હું અદશ્ય થઈ ગયો હતો. પરંતુ સ્વપ્ન છે, સત્ય નથી. ક્રિયા

એ જ કર્મ છે, પરિણામ એ બંધન છે. બ્રહ્મ એ જ આત્મા છે. આપનો છેલ્લો પત્ર તા. ૭-૭-૮૩ ના રોજ મળ્યો. તે જ દિવસ મારી જન્મ તારીખ હતી. એટલે પરોક્ષ રીતે આશીર્વાદ મળ્યા. ગુરુ અને ભગવાન કોઈ રીતે આવે છે– પત્ર દ્વારા, વિચાર દ્વારા, સ્વપ્ન દ્વારા. જેની લગની લાગે છે તે કોઈપણ પ્રકારે મળે છે. પત્ર મળ્યા પછી અને પત્રમાં હું જે માંગણી લખું છું તે સાકાર થઈ જાય છે. એટલે આપની દિવ્ય કૃપા અને અનુભૂતિ સિવાય કાંઇ માંગતો નથી, જડ વસ્તુ નથી માંગતો. મને અત્યારે લાગે છે કે જ્યારે આપની સાથે અમેરિકામાં ફરવાનું થતું અને વાતો થતી હતી ત્યારે મને લાગતું કે બાપુ શા માટે આવું કરે છે? હવે એ બધી વાતો અનુભવી રહ્યો છું. આપ અંતર્યામી ખરા કે નહીં છતાં સાહજિક તો છે જ. ગર્ગ એવું કહેતા હતા કે ગુરુજી કૃપા કરે તો જ વાણી-વિચાર સમજી શકીએ.

લિ. ગુરુપ્રેમભિક્ષુના નમસ્કાર

❖

તા. ૧૪-૭-૮૩
હોબોકેન યુ. એસ. એ.

પ. પૂ. પૂજ્યશ્રી ગુરુદેવ બાપુ,

ગુરુપૂર્ણિમાના મહાન પર્વને અવસરે જન્મજન્માંતરનાં કર્મો કરવા બદલ ક્ષમા માગવાની અને જીવનને ધન્ય બનાવવાની નમ્રતા દાખવી રહ્યો છું. કોઈપણ ક્ષણ અને વિચાર ગુરુમય બનાવવાની શ્રી ગુરુદેવની કૃપા મેળવવાનો મહામૂલો અવસર એ જ ગુરુપૂર્ણિમા.

અમારા જેવા મનુષ્યભાવમાં રમી રહેલા જીવો ઉપર કૃપા કરશો. ખરી વાત એ છે કે જેમણે જીવ જગતને આપવા માટે પ્રભુજન્મ ધારણ કરેલ છે તેમને શું આપી શકીએ....નિજાનંદ, બસ નિજાનંદ. આપનાર અને લેનાર એક થઈ ગયા છે; જીવન ધન્ય બની ઊઠયું છે. બધે જ ઓમ્ ભગવાન, બધા જ ઓમ્ ભગવાન અને બધામાં આપ.

દિવ્યતાએ દિગ્મૂઢ! કેવું રહસ્ય!

....આપ્યા વગરની અપેક્ષા એ પ્રભુની ઉપેક્ષાનુ પાત્ર બને છે.

પૂ. ગુરુદેવ જ્યાં બધું જ છે–જ્ઞાનાવતાર-આપની કૃપાથી બધું સરળ છે. ને સમર્પણ.

લિ. આપનો ગુરુપ્રેમભિક્ષુના દંડવત્ પ્રણામ

❋

તા. ૧૦–૮–૮૩

હોબોકેન યુ. એસ. એ.

પ. પૂ. પ્રાતઃ સ્મરણીય યોગેશ્વર વહાલા બાપુ,

અખંડ આપના નામનું સ્મરણ ચાલે છે. આપનો પત્ર મળ્યો. પત્રમાં વ્યક્ત થતી વાણી કેટલું બળ આપે છે. તે જ અમારા માટે નિજાનંદ છે. ધ્યાન વિષે વાંચ્યું ત્યારે લાગ્યું કે બાપુ માટે કાંઈ નવું નથી. પરંતુ આપ અમારા બાપુ કહેવાઓ તેથી જ 'ગાંવ કા જોગી જોગટા'ની જેમ આપનું કહેવાનું સામાન્ય લાગે. (એ વાત કહો છો ત્યારે નવું નથી લાગતું અને સહજ ગણીએ છીએ.) આ જ મનની વિચિત્રતા છે. મને એવું લાગ્યું કે દૂર હોવામાં જ મજા છે. સાચું દર્શન થતું હશે. એક માસ પહેલાં એમ થયું હતું કે રાજચંદ્રના પુસ્તકો બાપુ વાંચે તો કેવું (સારું)? પરંતુ આપે જ ધ્યાન વિષે કટિંગ મોકલ્યાં ત્યારે મારું મન આશ્ચર્ય શોધવામાં ઘણા સમયથી રોકાયેલું હોવાથી આનંદ અનુભવે તે સ્વાભાવિક છે.

આપને અમેરિકા આવવા માટે આપનો વિચાર સર્વોત્તમ સાધન છે એવું અમે માનતા થઈ ગયા છીએ. દુઃખદ સમાચારો મનની નીચેની ભૂમિકાનું પરિણામ હોઈ શકે... સંસારથી ભાગનારાની ભગવાન ભારે કસોટી કરે છે; કારણ ભગવાન તરફ જવા માટે સંસાર મોટી પાઠશાળા છે, છતાં મને ખબર નથી શું બનશે? કારણ, પ્રણવવંદના સાચો જવાબ આપી શકે છે. કારણ, સર્વ શાસ્ત્રોનો સાર એ જ પ્રણવવંદના.

જગતે જે લેવાનું છે તે છોડી કાંકરા લેવા જાય છે. જ્ઞાનની અંતિમ સ્થિતિ તે સાચી સમજ છે. દરેક માણસને બાપુ આપે જાણ્યેઅજાણ્યે સમાધિપાદ શીખવ્યો છે અને સમાધિ સમજાવી છે. "સમજ્યો તે નર ફરી ન બોલ્યો." ગજવામાં હોવા છતાં રખડીએ છીએ આનું નામ કમનશીબ.

ધ્યાનના કટિંગમાં એક વાત ગમી કે ભારત દેશ ગરીબ કેમ છે? સુંદર જવાબ છે. નૈતિક મૂલ્યો છોડી દીધાં છે! ગુરુજનો આગળ મનની અપેક્ષા; એનાથી ગરીબી આવે છે.

પ્રભુ કૃપા કરજો. ભગવાનને વિનંતી કરીએ, પ્રાર્થના કરીએ કે અમારા બાપુને શતઃ વર્ષં દીર્ઘાયુ રાખે અમારા જેવા ભૂખ્યા તરસ્યા અને નિરાધાર આમભકતોના કલ્યાણ માટે. સંતોને ઓળખવા માટે અધિકારીપણું જોઈએ. ડોકટરભિક્ષુ સેવાદાસજી છે. ધ્યાનભિક્ષુ સેવાભિક્ષુજી છે. હનુમાનજી નૈષધજી અને ચોવીસ કલાક એવરેડી ભરતજી દેસાઈ. સૌને મારા નારાયણ. આવો મહામૂલો પ્રસંગ ન ચૂકીએ સેવા કરવાનો નહીં તો ખોટ વર્તાશે.

લિ. આપનો આજ્ઞાંકિત ગુરુપ્રેમભિક્ષુના દંડવત્ પ્રણામ

તા. ૫-૯-૮૩

હોબોકેન યુ. એસ. એ.

પ. પૂ. પ્રાતઃ સ્મરણીય શ્રી બાપુ,

ગાયત્રી માળા કરું છું. ગાયત્રી મંત્રની સાચી સમજણ અને સાચી કિંમત હવે સમજાઇ છે. બુદ્ધિ ફક્ત સમાધાન કરે છે અને કલ્યાણ અને આનંદના ધોધ વહે છે. જ્યાં જાઓ ત્યાં જ આનંદ. જે વસ્તુ આપે આપી છે તે કેટલી ગહન અને ઊંચી છે, હવે સમજાય છે. પરંતુ આ બધું આપની કૃપાથી.

પ્રવીણ સોલંકીને સ્વપ્નમાં આપના અનુભવ થાય છે. અમને પુષ્કળ જાગૃતિ રહે અને અખંડ આપનું નામસ્મરણ, આપનું કાર્ય કરીએ એવું બળ આપો.

લિ. ગુરુપ્રેમભિક્ષુના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ

તા. ૨૫-૯-'૮૩
હોબોકેન યુ. એસ. એ.

પ. પૂ. બાપુ,

આપના બધા જ પત્રો મળ્યા છે, નરી વાસ્તવિકતા તેમજ હિંમતથી ભરપૂર. હમણાં હમણાં વાતાવરણમાં આપની સુવાસ અને સૌરભની અનુભૂતિ થાય છે.... અમે માંગી હતી સૂકી રોટલી અને આપે ઘેબર અને જલેબી આપી. આપ તો દયાના સાગર છો. મારી બુદ્ધિ માનતી થઈ ગઈ છે જે કાંઈ છો તે આપ જ છો; સર્વથા, સર્વદા અને સમર્થ આપ છો. સૌના ઉપર અહૈતુકી કૃપાનો ધોધ ચાલુ થઈ ગયો છે.

બાપુ આપને વિષે કશું જ લખી શકાય તેમ નથી. શબ્દોની તાકાત રહી નથી પરંતુ જે કાંઈ થઈ રહ્યું છે તે જ આપની કૃપા છે. હજુ મને સમજાતું નથી મારે શું કરવાનું છે? મારે શા માટે જન્મ? અમેરિકામાં શા માટે? પ્રશ્નો નથી, વિચારોની દોડધામ.

પરંતુ મારે આવા વિચાર નથી કરવાના; કારણ આપની આજ્ઞાને માર્ગે ચાલવાનું છે.

બધા આનંદમાં છે; પરંતુ નિજાનંદ તો આપના ગુણાનુવાદમાં છે. ગુરુકૃપાહી કેવલમ્

લિ. આપનો આજ્ઞાંકિત ગુરુપ્રેમભિક્ષુના નમસ્કાર

તા. ૧૦-૧૦-૮૩
હોબોકેન યુ. એસ. એ

પ. પૂ. ગુરુદેવ બાપુ,

(આપની) કામળી ઘરમાં પાછી આવ્યા પછી બધા જ આનંદદાયક સમાચાર મળી રહયા છે. શ્રદ્ધા મોટી શક્તિ છે... વિચાર કરનાર હું કોણ? બધું જ ઓમ્ ભગવાન કરે છે. જે નક્કી જ છે તેની શી ચિંતા? કારણ ખબર નથી. આપની કૃપા ક્રિયાશીલ થાય છે. ઓમ્ ભગવાન કેટલા દયાળુ છે! બધાનું બધું તે જ કરે છે.

લિ. આપનો આજ્ઞાંકિત ગુરુપ્રેમભિક્ષુના પ્રણામ

✽

તા. ૨૯-૧૦-૮૩
હોબોકેન યુ. એસ. એ.

પ. પૂ. પ્રાતઃ સ્મરણીય શ્રી શ્રી શ્રી ગુરુદેવ બાપુ,

દરરોજ સવારે અને દરરોજ એક ક્ષણ એવી નહીં હોય જે આપના નામસ્મરણ સાથે જોડાઈ નહીં હોય....આપની પાસેથી વાસ્તવિક અને સરળ જીવનનું ભાથું મેળવીને કૃતકૃત્યતા અનુભવીએ છીએ. હવે દિવસો જતાં ખબર પડે છે કે આપ જ બાપુ છો ! ઓમ્ જયંતી નિમિત્તે આપના વિચારોનું દોહન જીવજગતના પ્રસારણના કાર્યક્રમમાં. આપના કાર્યક્રમમાં સક્રિય અને સચેતન બનીએ તેવી પ્રાર્થના; અને આશીર્વાદમય બની જઈએ.

.... મેં તેમને કહેલું કે ત્યાં (લંડનમાં) ગુરુજી વિષે જાણકારી કરો. ગુરુજી ચમત્કારિક છે તેવી વાતો નહીં, પરંતુ સાચી સમજ આપજો. એમને યોગ વગેરે વિષે વાત કરવી. અહીં આગળ નવા વિચારો ગોઠવવા પડશે.

બીજી નવેમ્બર, ૧૯૮૩ ના રોજ લક્ષ્મીપૂજન માટેનો દિવસ છે....આપના ચરણકમળમાં મૂકીને. લક્ષ્મીપૂજન કરી રહ્યાં છીએ, આ જ

અમારા જીવનમાં લક્ષ્મી પૂજન....ગુરુચરણ અને ગુરુજી એ જ જીવનમાં અપ્રાપ્ય છે. આ પત્ર લખતાં ભૂતકાળમાં ડૂબી જાઉં છું.

બાપુ ! આ જગતમાં અને પરલોકમાં પણ આપ જ છો. સુખની સીમા મનની ભ્રમણા છે, આપની પાસેથી એવું મળ્યું છે જેનું મૂલ્ય થઈ શકે નહીં. પૈસા, જગત બધું ભ્રમણાનો પડછાયો છે એવી સાચી સમજ એ અમારી લક્ષ્મી છે અને જીવનના વ્યવહારમાં ઉપયોગ કરીએ.

નવા વર્ષમાં આપના આશીર્વાદ હો અને આશીર્વાદ કરતાં કાંઈક વિશેષ મેળવવાનું છે તે છે, આપની સેવા કરીને અમે લાયક બનીએ.

જયગુરુદેવ ઓમ્ બાપુ

લિ. આપનો આજ્ઞાંકિત ગુરુપ્રેમભિક્ષુના પ્રણામ

તા. ૧૪-૧૧-'૮૩
હોબોકેન યુ. એસ. એ.

પ.પૂ. પ્રાતઃસ્મરણીય ગુરુદેવ બાપુ,
આપની સેવામાં.

દરરોજ હર ક્ષણે આપની યાદ આવે છે. આપનું જીવન જીવતી-જાગતી લેબોરેટરી છે, જે વિના પ્રયત્ને જે જોઈએ તે પરિણામ લાવે છે. મને આપનું જીવન ગમે છે. વાસ્તવિકતાના નક્કર પાયા ઉપર ઓમ્ ભગવાન સાકાર થાય છે એવું દર્શન આપે અમને મોકલેલી (પૂજ્યશ્રીમાં 'ઈશ્વરદર્શન') ચોપડી ઉપરથી લાગ્યું છે.....

આપની કૃપા જગતની સફળતા માટે છે. સાચી સફળતા સાચી સમજણમાં છે. તે આપના દ્વારા જાણવા મળી છે....સંતને ઓળખીએ નહીં ત્યાં સુધી અસમજણ છે.

લિ. આપના આજ્ઞાંકિત
ગુરુપ્રેમભિક્ષુના નમસ્કાર

તા. ૨૫-૧૧-'૮૩
હોબોકેન યુ. એસ. એ.

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ બાપુ,

પૂજ્યશ્રી ! આપના પત્રમાંથી નિર્મળતા અને નમ્રતા હૃદયને સ્પર્શી જાય છે. આજ બપોરે આપને માનસિક પ્રાર્થના કરતો હતો– મને જીસસ જોડે વાત કરાવો, ને પત્રમાં એ જ વાંચી રહ્યો છું.

બાપુ, દુનિયા જન્મો સુધી (આપને) નહીં ઓળખી શકે. ફક્ત આપની નિરામય દૃષ્ટિ (આપને ઓળખવાને) પાત્ર બનાવી શકે છે.....

જીવનમાં બાપુની કેટલી જરૂર છે તે દરેક ક્ષણે ઓમ્‌ભગવાન શિખવાડે છે. નિષ્કામમાંથી સકામમાં જવું તે પછી ઓમ્‌ભગવાને નક્કી કરેલા માર્ગે જ નિશ્ચિત છે! પ્રશ્ન અને જવાબ સાપેક્ષ તેમજ નિરપેક્ષ બની જાય છે. હવે ઓમ્‌ભગવાન અમેરિકાની ધરતી ઉપર આવશે તેના એંધાણ દેખાય છે. 'મારાપણા'ની સ્થૂળતા દ્વારા શાંતિની સૂક્ષ્મતા શોધવી દુર્લભ છે છતાં યોગની નિશ્ચિત સીમારેખાએ તેનું મૂલ્યાંકન કેવી રીતે થાય? છતાં આપની કૃપા અનહદ રીતે ક્રિયાત્મક છે. છતાં ઘણાં વર્ષોથી આપને (હું) શું માનું છું એ જ મને ખબર નથી. છતાં માનું છું–શબ્દો નથી તેથી આપ ભગવાન છો. (આ માત્ર) કલ્પના નથી, શાશ્વત છે. સંપૂર્ણ અને પૂર્ણ ચૈતન્યના સ્વામી આપ જ છો, આપ જ છો. પ્રભુ, દયા કરજો–દયા કરજો.

અમ બાળક – આપ પિતા

લિ. ગુરુપ્રેમભિક્ષુના
દંડવત્ પ્રણામ

તા. ૧૦-૧-૮૪
હોબોકેન યુ. એસ. એ.

પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય ગુરુદેવ બાપુ,

નાનામાં નાના અને અદના માણસ તરીકે જીવવાની મઝા અને આનંદ આપની પાસેથી શીખ્યો છું. પ્રભુ! અહંકારની પર અમને

લઈ જાવ એ જ અમારા માટે પ્રકાશ અને આનંદ સ્વરૂપ છે. જીવનમાં કાંઈ જ ગુમાવતા નથી, પરંતુ જે પ્રાપ્ત છે તે અધિક છે એવી અનુભૂતિ અમે કરીએ તેવી પ્રાર્થના. સાચી સમજણ તે તો સમાધિ અવસ્થાના ફળસ્વરૂપ છે. છતાં ક્યારે પમાશે ? મનની નીચેની સ્થિતિથી પકડવું કેટલું આશ્ચર્યકારક છે ! હવે ચિત્ત કાંઈ નવું વિચારે છે. તે પૂર્ણતા તરફની ગતિ ! બધું જ ઉપરનું આપની સૂક્ષ્મતાની જ અનુભૂતિ છે. મને કાંઈ જ ખબર પડતી નથી. બધાના સુખમાં સુખી થવાની ચાવી આપની પાસેથી મળી છે.

લિ. આપનો આજ્ઞાંકિત ગુ. પ્રે. ભિક્ષુના નમસ્કાર

❖

તા. ૬-૨-૮૪

હોબોકેન યુ.એસ.એ.

હવે ઊંડે ઊંડે એમ થઈ રહ્યું છે કે આપની સાથે જ જીવન પસાર થાય તેવી એમ ભગવાનને પ્રાર્થના. જગતના પ્રપંચો અહંકારને વધારે છે. આપની સેવા કરી જીવનને અજીવન બનાવીએ. ભૌતિક સુખોનું માધ્યમ ધન છે, તેની અસરો જલદ છે, છતાં સૌ તેને આવકારે છે. માયાની બલિહારી ! આપની પરમકૃપાની હરહંમેશ અનુભૂતિ કરતો રહું તેવી પ્રાર્થના સાથે....

લિ. આપનો નમ્ર સેવક ગુરુપ્રેમભિક્ષુના નમસ્કાર

❖

તા. ૨૬-૨-૮૪

હોબોકેન યુ.એસ.એ.

બાપુ, હવે દરેકને આ દેશમાં બાપુની સખત જરૂર પડશે તેનાં એંધાણ દેખાઈ રહ્યાં છે.

ગઈ કાલે રાત્રે પ્રવીણ સોલંકીને આપ સપનામાં આવ્યા હતા. તેમની અંદર દિવ્યચેતના કામ કરતી થઈ ગઈ છે.

બાપુ બધું જ સમય પ્રમાણે ગોઠવાઈ રહે છે. આપના પત્રથી આ વખતે મન ઘણાં જ મક્કમ નિર્ણય માટે તૈયાર થઈ ગયું છે, તે બધી જ આપની કૃપા. હું તથા વસુમતિ રોજ સવારમાં આપને ખૂબ યાદ કરીએ છીએ એથી દિવ્ય આનંદ પ્રાપ્ત થાય છે.

અહંકાર સર્વ અનિષ્ટોનું મૂળ છે. અગિયાર માસના સમયમાં ઘણાં જન્મોનું જ્ઞાન આપે આપ્યું છે. મને આટલી બધી આળસ અને પ્રમાદ ક્યાં ફેંકી દેશે કલ્પના ના કરી શકું. આપે બાપુ સેવા કરવા દીધી તે જ અહોભાગ્ય. અપેક્ષા વગરની સેવા એ જ સમાધિ, એ જ અખંડ શાંતિ. મને એવું થયા કરે છે કે બાપુની કેમ વધારે સેવા કરું. જીવનનો સાચો આનંદ એટલે આપની ચરણરજ લઈ જગતના ખૂણે ખૂણે આપની ઈચ્છા મુજબ ફરું, મારાં મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારને આપના ચરણારવિંદમાં મૂકું. સાચું જીવન, નિરંતર આનંદ અને અલખની મસ્તી એટલે જ બાપુ; બાકી બધું પ્રપંચ. કાંઈ જ ઈચ્છા નથી. પ્રીતિ અને પ્રેમના સમન્વય દ્વારા આપમાં સમાઈ જવું તેથી કોઈ જ બીજું જીવન નહીં. એમ પરિવારના મહાભાગ્યના કારણે બાપુના આનંદ સ્વરૂપનું અવતરણ થયું છે. તેવી મને આંતરિક અનુભૂતિ થઈ રહી છે. પરસ્પર શાંતિ અને આનંદભર્યાં જીવનની ઉપયોગીતા સમજાવવા માટે આપે કેટલાં દુઃખ સહન કર્યાં! બાપુ આપે માનવ જગતને નવી દિશા આપી છે તેનું મૂલ્ય ઓછું નથી. બીજું તો શું લખું જ્યાં લખનાર જ આપ છો.

આપની વાતો નહીં માનીને જીવનની સોનેરી તક ગુમાવીએ છીએ. ઠોકરો ખાધા પછી પણ સમજીએ તો સારું. આપની સમજાવ-વાની રીત ઘણાં વર્ષો સુધી યાદ રહેશે.

લિ. ગુરુપ્રેમભિક્ષુના દંડવત્ પ્રણામ

તા. ૧-૭-૮૨

યુ. એસ. એ.

પ.પૂ. મોટાભાઈ તથા પરિવાર તથા ઓમ્ પરિવાર,

લિ. તમોને હરહંમેશ યાદ કરનાર અને હરઘડી પણ નહીં વિસરનાર અમેરિકાના ઓમ્પરિવાર વતી અમદાવાદના ઓમ્પરિવારને ખાસ જયનારાયણ-જયઓમ્ગુરુદેવ.

ગુરુપૂર્ણિમાની તૈયારી ચાલે છે અને ત્યાં પણ તૈયારી થઈ હશે અને ડૉ. ને માલૂમ થાય કે બાપુએ ખાસ લખાવ્યું છે કે ગુરુપૂર્ણિમા આનંદથી ઊજવો. તેમના તમો બધાને તેમજ ઓમ્પરિવારને આશીર્વાદ ખાસ લખાવ્યા છે.

ગુરુદેવનું ગારફિલ્ડ મંદિરમાં રવિવારે એક કલાકનું પ્રવચન હતું. પ્રવચનમાં ઘણા જ માણસો હતા. આ તો ગુરુદેવનું પ્રવચન એટલે કંઈ કહેવાનું હોય નહીં. પરંતુ એક વખત બાપુ પાસે જે આવે છે તેને ફરીવાર આવવાનું મન થાય છે. આ અમેરિકાની ધરતી ઉપર જેને બિલકુલ ટાઈમ પણ ન હોય તે પણ બાપુની પાછળ ગાંડા છે; શનિ-રવિનો સ્વાધ્યાય પણ સરસ રીતે થાય છે.

બેન, અમો બનશે તેટલી બાપુની સેવા કરીશું અને ભગવાન અમને ગુરુદેવની સેવા કરવાની શક્તિ આપે. બેન, આ અમેરિકાની ધરતી પર ગુરુદેવ આવ્યા છે પણ અમારા માટે તો ગુરુદેવ નથી; પરંતુ ભગવાન પધાર્યા છે તો ભગવાનની અમે તન-મન-ધનથી સેવા કરીશું.

લિ. વસુબેન

તા. ૧૪-૪-૮૪

હોબોકેન (યુ. એસ.એ.)

પ. પૂ. પ્રાતઃસ્મરણીય શ્રી ગુરુદેવ બાપુ,

બધે જ કૃપા-વર્ષા ચાલુ છે. જેણે કૃપા-વર્ષા લીધી નથી તેને પણ સહજ રીતે મળી છે. જેણે જાણીને પ્રયત્ન કર્યો છે તેવા ભાગ્યશાળી વીર પુરુષોની વાત જ ક્યાં કરવી?

ગાયત્રીની અગિયાર માળા આપ ગયા છો ત્યારથી ચાલુ છે. જીવન બધું જ આપ સિવાય નકામું છે. શશીકાંતભાઈ, ઉષાબેન, ડૉ. ભિક્ષુ, ધ્યાનભિક્ષુ વગેરે બધા જ ભાગ્યશાળી આત્માઓને આપની સેવાનો અમૂલ્ય અને દિવ્ય લાભ મળ્યો છે. આથી આનંદ થાય છે. પ્રભુ અમારા ઉપર કૃપા કરે તેવી પ્રાર્થના.

હવે જોબ કરવી નથી તેવા વિચાર ચાલે છે; પછી પ્રભુઈચ્છા. સંતપ્રધાન, ગુરુપ્રધાન જીવન એ જ સાચું જીવન છે. ગુરુજી તો કલ્પવૃક્ષ જેવા છે. મનની જુદીજુદી સ્થિતિઓમાંથી બહાર આવવાનો માર્ગ હોય તો તે ગુરુચરણ સિવાય કોઈ વિકલ્પ નથી. સાક્ષાત્કાર એ ચર્ચાનો વિષય બનાવી દેવાથી ક્ષુદ્ર બની ગયો. દિવ્યતાના પરમ રંગે માનવજીવનને મહેકતું બનાવવા માટેનો સરળ માર્ગ સંત-પ્રધાન જીવન. ત્યાગની, ઉન્નત શિખરો ઉપરથી અનુભૂતિ કરવાની-ફળસ્વરૂપ અહંકાર અને અપેક્ષા વગરનું જીવન તે જ આપની કૃપા ગુરુજી-બાપુ, ઘણા વિચારોની દોડધામ પછી જ આપ મળ્યા-અને પરમાત્મા સ્વરૂપે આપની પ્રાપ્તિ- એ ભગવાનની અનહદ કૃપાથી જ શક્ય છે.

આપનો આજ્ઞાંકિત

ગુરુપ્રેમભિક્ષુના દંડવત્ પ્રણામ

❋

તા. ૨૯-૪-૮૪

હોબોકેન (યુ. એસ. એ.)

(ઉષાબેન ઉપર આવેલો વસુબેનનો પત્ર)

ઉષાબેન, એક વખત ડૉ. પ્રવીણભાઈ અને દક્ષાબેન મળવા આવ્યાં હતાં ત્યારે બાપુની વાતો ખૂબ થયેલી. વીંટીની વાત નીકળી ત્યારે તમારા ભાઈ (ગુરુપ્રેમભિક્ષુજી)એ કહ્યું કે, બાપુ હૃદયમાં બેઠા હોય પછી કશાયની જરૂર નથી. હનુમાનજીએ એક-એક મણકો તોડીને જોયું કે આમાં મારો રામ છે? મારો રામ તો મારા હૃદયમાં છે,

મણકામાં નથી. તમારા ભાઈએ આવી-આવી તો કેટલી બધી વાતો કરી કે તે બધી વાતો આશ્ચર્યચકિત થઈને દક્ષાબેન તો સાંભળતાં જ રહ્યાં. વાતો સાંભળીને દક્ષાબેન તથા પ્રવીણભાઈ ઘણા ખુશ થઈ ગયા. બેન, તમારા ભાઈ તો રાત અને દિવસ બાપુ-બાપુ કરતા હોય છે. રાત્રે ઊંઘમાં પણ બાપુની જ બૂમો પાડતા હોય છે. જેનો પણ ફોન આવે તેની જોડે બાપુની જ વાતો કરતા હોય છે. મને કહે કે બાપુએ મને જે કામ માટે અમેરિકા મોકલ્યો છે તે ભગવાન ક્યારે કરાવશે? પછી અમો બન્ને એમ જ કહીએ કે, આપણે શું કરી શકવાના હતાં? બાપુ જ બધું કરાવશે. તમારા ભાઈ તો એમ કહે છે કે બાપુની સેવા જે કરે તે બધા માણસો મને બહુ ગમે. તમો તથા શશીકાંતભાઈ તથા ડો. ભિક્ષુજી વગેરે સેવા બહુ કરો તેથી તમારા બધા ઉપર તેમને બહુ પ્રેમ.

ત્યાં સર્વેને જય ગુરુદેવ

વસુબેનના પ્રણામ.

❋

શશીકાંતભાઈ અને ઉષાબેન ઉપર ગુરુપ્રેમભિક્ષુજીનો પત્ર

પ્રિય ગુરુભાઈ શશીકાંતભાઈ, ગુરુપ્રેમી યોગિની ઉષાબેન, બાળ-ગોપાળ તથા ઘરનાં સર્વેને મારા નારાયણ.

પૂજ્યશ્રી બાપુનો પત્ર મળ્યો. તે વાંચીને એ ચોક્કસ થયું કે પૂજ્યશ્રી આર્ષદ્રષ્ટા છે, કે જે ઘણા વખતથી મારું માનવું હતું. મારી નાની પણ પૂજ્યશ્રીની કૃપાથી ઊંડી સમજણના આધારે સ્પષ્ટ શબ્દોમાં ખાતરીપૂર્વક કહી શકું કે ફકત બાપુ જ જગતનું કલ્યાણ કરવા માટે આવ્યા છે. સત્યધર્મની નિષ્ઠાવાળા એવા પરમતત્ત્વના સૂક્ષ્માતિસૂક્ષ્મ જ્ઞાનાવતારી બાપુના સંપર્કમાં આપણે આવ્યા છીએ. તેમણે સ્વીકાર્યા છે તે જ કૃપા. બાકી અંતર્દષ્ટિ કરીને જોઈએ તો આપણે માણસમાં નથી. બહુ જન્મની સેવાના કારણે બાપુની મુલાકાત થઈ છે. દૂર રહેવાથી નિષ્ઠા વધે પણ નજીકથી સેવા થાય અને ત્યારે ખબર પડે કે

મહાપુરુષો કેટલા દયાળુ, નિરહંકારી તથા કરુણાવાળા હોય છે. સેવા કરવાનો આવો મહામૂલો અવસર ચૂકી ન જવાય એવી ઓમપ્રભુને પ્રાર્થના. જગતને શાંતિ જોઈએ છે પણ તે સુખમાંથી નથી મળતી. સંતોની સેવા થાય અને તેઓ કહે તે પ્રમાણે જિવાય ત્યારે શાંતિ પમાય.

પતિ-પત્ની ત્યાગ અને સહનશક્તિના પાયા ઉપર હોય ત્યારે પરમાત્માનું મિલન થાય છે.

સર્વેને ગુરુપ્રેમભિક્ષુના નારાયણ.

❖

તા. ૨૨-૫-૮૪
હોબોકેન (યુ. એસ. એ.)

પરમ પ્રાતઃસ્મરણીય શ્રી શ્રી શ્રી ગુરુદેવ બાપુ,

આપની કૃપામાત્રથી કલ્યાણ છે એવી સતત પ્રતીતિ અનુભવતા આપને પત્ર લખું છું. હૃદયકમળના સુવર્ણકમળમાં બિરાજમાન આપનું ધ્યાન દરરોજ કરું છું. અખંડ આનંદ અનુભવું છું. આપના બધા શબ્દો મહામંત્ર છે, દરેક મુમુક્ષુજીવ માટે અમોઘ સાધન છે.

સંસારમાંથી ધીમે ધીમે મન ઉપરામ થતું જાય છે, પરંતુ આપના કાર્યક્રમને પૂર્ણ રીતે સફળ કરીને છૂટવું એ આખરી નિર્ણય છે, એ જ નિર્વિકલ્પ સમાધિ છે. ખબર નથી, ફરી બાપુ કયા સ્વરૂપે મળે. જીવનને આપના વિચાર સાથે જોડીને જીવન બનાવવાની પ્રભુ શક્તિ આપે.

આપ જે બધી વાત કહેતા હતા, સમજી ના શકયો. હવે લાગે છે કે બધું જ સત્ય. અનુભવના પાયા મૂકયા છે. આપ કહેતા હતા કે તમે અર્ધા બાપુ છો. ખરેખર બાપુ થવું રમત નથી. પૂર્ણ ત્યાગ અને પરમ સાથેનો સીધો સંબંધ હોય ત્યારે બાપુ થવાય. આપનું જીવન નિર્મળ છે. તેથી ઘણીવાર કહીએ છીએ કે બાપુના જીવન પ્રમાણે, તેમના વિચાર પ્રમાણે ચાલો; તો જીવન આનંદભર્યું બની ઊઠશે તેની ગેરંટી છે.

બાપુ, હજી ઊંઘ ઊડી નથી, પરંતુ આત્માનો અવાજ જુદો છે. દિશા નક્કી છે, પરંતુ ખબર નથી છતાં આપને મળ્યા પછી નક્કી થઈ ચૂકી છે.

આપનો આજ્ઞાંકિત,
ગુરુપ્રેમભિક્ષુના દંડવત્ પ્રણામ.

❋

તા. ૧૭-૬-૮૪
હોબોકેન (યુ. એસ. એ.)

પ. પૂ. પ્રાતઃ સ્મરણીય ગુરુદેવ
શ્રી શ્રી શ્રી બાપુ,

નાના-મોટા પ્રસંગોમાં પ્રભુ સૂક્ષ્મ રીતે હાજરી આપતા હોય તેમ લાગે છે. છેલ્લી સત્તા તેમની છે.

ભારત દેશ મહાન છે. ત્યાં સંતોનાં દર્શન માટે લોકો જાય. અહીં અમેરિકામાં સંતો સામે ચાલીને દર્શન આપે.

બહુ વિચારના આધારે કહી શકું કે બાપુ, આપે અમેરિકામાં વધારેમાં વધારે જોયું છે. માનવી તરીકે પ્રતિભા ઊભી થઈ. અમૃત દેસાઈ આપની ઉપર ખૂબ જ રાજી હતા. અમારી આગળ વારંવાર આપના નામનો ઉલ્લેખ કરતા હતા. સારીયે દુનિયામાં એક મહાપુરુષ જન્મ્યા છે, તેઓ કોઈને કાંઈ કહેતા નથી કે તું આમ થઈશ કે તેમ થઈશ છતાં લોકો અંદરથી બાપુને ચાહે છે. ઓમ્‌પરિવારના સદ્‌ભાગ્ય છે કે એક પણ પૈસો ખર્ચ્યા સિવાય કે તપ કે સાધના કર્યા સિવાય સરળતાથી સરળની પ્રાપ્તિ થઈ છે. મારું દર્શન છે કે આપની પરમ ચેતના ગુરુપૂર્ણિમાએ દરેકને દિવ્યદર્શન કરાવશે એ નિઃશંક છે.

'ગુરુ મિલા તો સબકુછ મિલા' બાકી બીજું બધુ તો ઘેર ઘેર હોય. ગુરુ મળવાથી જીવનમાં એક જાતની ગેરંટી મળી જાય છે. જો તે ગેરંટી શરણાગતી સાથે સ્વીકારે તો. ગમે તેટલો મહાન હોય તોય જીવ તે જીવ છે; શંકા કરવાનો તેનો સ્વભાવ છે. પરંતુ કૃપાપાત્ર થવાનો જીવને અમર્યાદિત અધિકાર પણ મળેલો છે. પરમાત્માનો–

પરમતત્ત્વનો અનુભવ ન થાય ત્યાં સુધી જીવન અધૂરું છે. સુખનાં મૃગજળ ક્ષણિક છે. મન ક્યારે, કોને સુખ કહેશે એ નક્કી નથી, એટલા માટે સંતસમાગમનો મહિમા હજારો વર્ષોથી ગવાયો છે. 'શાંતા' બહાર પડશે ત્યારે ઘણી દિશાઓ ઉઘાડી દેશે. આપની કૃપામાત્રથી બધું ચાલે છે. પરંતુ સ્વતંત્ર નિર્ભય નથી થવાતું. કારણ કે, જડ જગતનું જોડાણ, ક્યારે શું થશે તેનો વિચાર કરવાનો અમારે રહ્યો નથી કારણ કે આપની પ્રાપ્તિ થઈ છે.

જન્મતારીખ આવે છે અને જાય છે પરંતુ સરવાળો કર્યો નથી તેથી ઉજવવી પડે છે.

પ્રભુ ! આપની કૃપામાત્રથી તથા આપના વિચારમાત્રથી આનંદનું સ્વરૂપ દેખાય છે. અમેરિકા ઓમ્‌પરિવાર આપના આશિષ ઇચ્છે છે, કાર્ય ઝડપથી થાય તે માટે.

બીજું પરમ અને અસીમકૃપાથી નવીનભાઈને સારી જોબ મળી છે. આપનો સંકલ્પ કર્યો હતો. દરરોજ સવારે સાધન–ભજન કરતાં તથા સ્વપ્નમાં આપનાં દર્શન થાય છે. મેં તો તેમને કહ્યું કે સંતના દર્શન થાય તે જ સાક્ષાત્કાર. તમારું શેષ જીવન જો બાપુ કહે તે રીતે ગાળો તો આવાગમન ટળી જાય.

ગુરુપૂર્ણિમા પ્રભુપૂર્ણિમા છે. જ્યાં આત્માનંદ અને નિજાનંદની મસ્તી છે. જે પરમચેતનાનું સ્થૂલ પર્વ તથા સાકારમાંથી નિરાકારનો માર્ગ નક્કી કરવાનું અલૌકિક પર્વ છે. ગુરુપૂર્ણિમા એટલે ગુરુજીની ગહન શક્તિનો સમજણપૂર્વક સાક્ષાત્કાર કરવાનો પ્રસંગ.

જીવનમાં હવે એક જ સંગ રહ્યો છે અને તે છે શ્રી ગુરુદેવ બાપુ ! હવે કાંઈ જ જોઈતું નથી. મન પોતાની ટેવ મુજબ ખૂબ દોડાદોડી કરે છે પણ તે જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં અને અણુએ અણુમાં બાપુ દેખાય છે. સર્વ જગત બાપુમય. મને અંતર્દૃષ્ટિથી અનુભવાય છે કે બાપુ ભારત પૂરતા મર્યાદિત નહીં રહે. સમગ્ર બ્રહ્માંડમાં બાપુ જ છે. અષ્ટાંગ યોગની સૂક્ષ્મ સિદ્ધિઓને બાપુએ સામાન્ય માણસને તેના વ્યવહારમાં શીખવી છે.

બાપુ ! ત્વમેવ પિતા, ત્વમેવ બંધુ, ત્વમેવ સખા; બધું જ તમે.

બાપુ ! આ બધું લખતાં સંકોચ અનુભવું. છું આપ શબ્દાતીત છો, બધાથી અતીત છો.

ભગવાનને શબ્દોમાં લવાય ખરા !?

અમારાથી, અમારા જીવનથી અમારી બધી ક્રિયાઓથી ભૂલ થઈ હોય તો આજના ગુરુપૂર્ણિમાના ભવ્ય પ્રસંગે અમે હૃદયપૂર્વક માફી માગીએ છીએ. દયાના સાગર પાસે માફી માગવી એ શરમ નથી; એ શિષ્યપરિવાર માટે ગૌરવ છે. જ્ઞાનનો કદી નાશ નથી એવી અનુભૂતિ આપે કરાવી છે. ઓમ્ પરિવારના મહાપુરુષોની તેમજ પરિવારની સેવા હું કરી શકયો નથી તે માટે તેમની માફી માગું છું અને હવે હું ખૂબ જ કાર્યરત થાઉં તે માટે આપ સૌ ગુરુદેવને પ્રાર્થના કરશો તો આપણું જીવન વધુ ઉજજવળ બનશે.

ડૉ. ભિક્ષુ, તથા ગુરુધ્યાનભિક્ષુ ઓમ્ પરિવારનાં સાચાં રત્નો બન્યા છે, એ માટે અમેરિકા ઓમ્ પરિવાર આપને ધન્યવાદ આપે છે,

ગુરુપ્રેમભિક્ષુના દંડવત્ પ્રણામ

તા. ૨૩-૭-૮૪
હોબોકેન (યુ.એસ.એ)
૮૦૫, પાર્ક એવન્યુ.

પ્રાતઃ સ્મરણીય પૂજ્યશ્રી બાપુ,

દિવસે દિવસે ભારતીય લોકો ભગવાન તરફ મીટ માંડી રહ્યા છે. કાલની કોઈને ખબર નથી એવી સામાન્ય માણસની સમજણ છે. અનિશ્ચિત છે. છતાં ગુરુકૃપા બધું જ કરી શકે છે. સંતશ્રી આશારામજી આવ્યા હતા ને ઓમ્ ગુરુ ઓમ્‌ની મંત્રદીક્ષા (તેમણે) ઘણાને આપી હતી. દિવસે દિવસે મન પ્રભુ તરફ વધુ જઈ રહ્યું છે. કર્મની ગતિ ગહન છે. પ્રભુ શું કરાવશે પ્રભુ જાણે.

સાંપ્રદાયિક સમજણ માણસને ઝનૂની બનાવે છે. ગુરુજી, આપ બધા સંતોનું મૂળસ્વરૂપ છો, પ્રગટ, પ્રત્યક્ષ ઓમભગવાન છો એવી પ્રતીતિ પ્રસંગોએ થાય છે. દોડતું મગજ શ્વાનની ઓળખ આપે છે.

અમેરિકાની આ અશાંત જિંદગી અને ક્યાં ભારતની શાંતિભરી જિંદગી! છતાં ય ઈશ્વર જ નિર્ણય કરે છે.

લિ. આપનો આજ્ઞાંકિત
ગુરુપ્રેમભિક્ષુના દંડવત્ પ્રણામ

❖

તા. ૨૭-૮-૮૪
હોબોકેન (યુ.એસ.એ.)

પ્રાતઃ સ્મરણીય પૂજ્યશ્રી બાપુ,

મનની અનંતાશતા અને ચંચળતા દુઃખનાં કારણ બની જાય છે. ઓમપરિવારના સાદા, સરળ અને અનુકૂળતાભર્યા તથા લાલચોથી દૂર એવા નિર્દોષ જીવનને આજનો માનવી સ્વીકારશે તો જીવનમાં શાંતિ પ્રગટશે. આપના પત્રથી ઘણી જ શક્તિ અને શાંતિ પ્રાપ્ત થાય છે.

આપનો આજ્ઞાંકિત
ગુરુપ્રેમભિક્ષુના નમસ્કાર

❖

તા. ૧-૧૧-૮૪
હોબોકેન (યુ.એસ.એ)

(શશીકાંતભાઈ ઉપર આવેલો પત્ર)

બાપુનું દરેક કાર્ય હસવાનું બોલવાનું, વગેરે બધું જ દિવ્ય, બધું જ દિવ્ય. મગજને બંધ કરી દેવું ત્યાં જ બાપુ પૂર્ણ પ્રણવ છે. ઘણા વખતથી

ચિંતન મનન પછી દિવ્ય પ્રદેશની મુલાકાત. નવા વર્ષની શરૂઆત સુખદાયી બને. એનો અર્થ એ કે આપણે આપણું જીવન બાપુપ્રધાન જીવવાની શરૂઆત કરવી. ધન્ય છે તમને કે બુદ્ધિના સીમાડાની બહાર જઈને બાપુની શરણાગતિ સ્વીકારી. આનું નામ સંતપ્રધાન જીવન.

બાપુનું જીવન પૂર્વે થઈ ગયેલા ઋષિમુનિઓ કે અવતારી પુરુષોનો સરવાળો છે. હવે આપણે કોઈ જગ્યાએ જવાની જરૂર નથી.

## (વસુબેનનું લખાણ)

ઉષાબેન, તમો બાપુને પૂછીને લખજો કે અમારે ત્યાં (ભારત) આવવાનું ક્યારે થશે? તમારા ભાઈ (વિનુભાઈ) દરરોજ કહેતા હોય છે કે બાપુ બધું જ જાણતા હોય પણ કશું જ કોઈને કહેતા નથી.

તા. ૧૨-૧૦-૮૪

હોબોકેન, ૮૦૫ પાર્ક, એવન્યુ યુ. એસ. એ

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય બાપુ,

અહીં સાધુસંતો આવે છે, પ્રલોભનો આપી જાય છે. મનોરંજન સારું રહેશે. અહીંની અસ્થિરતાના કારણે સૌ કોઈ તાણમાં રહે છે.

ગુરુજી સમર્થ અને જગત મિથ્યાનો અનુભવ થાય છે. કાલની ખબર નથી. આવી રહેલી દરેક સ્થિતિ એમ્ ભગવાનની શક્તિથી ભરેલી હોય છે. અહંકાર ઉપર એમ્ ભગવાનની ભારે પકડ.

મહાપુરુષો કેટલું બધું આપે છે. લાયકાત નથી હોતી ત્યાં સુધી પ્રાપ્ત થવું શક્ય નથી.

બાપુ, જગત જ્યારે દિવ્ય માને ત્યારે જ સાચી સમજનો ઉદય થાય છે. તે જ સાક્ષાત્કાર. દરેક ધર્મ ગુરુ જ સર્વને શ્રેષ્ઠ છે તેવું

નિર્મળ સત્ય ૐ પરિવારને જલદી સમજાય તે રીતે આપે પ્રદાન કર્યું છે.

ૐ નારાયણ–પૂજ્ય બાપુની ચેતનાની અનુભૂતિ હો. બાપુએ હસતાં–હસતાં એક વખત કહેલું કે " બગાસું ખાતાં સાકરનો ટુકડો મોઢામાં આવી ગયો છે " તે વાત સાચી છે.

આપના ગયા પછી આનંદ ઓસરી ગયો છે. અમેરિકાની ધરતીમાં આનંદ જ નથી. બધાં જ નકલી, બધું જ નકલી. પરંતુ કાળની ગતિ ગહન છે. કર્મનો સિદ્ધાંત વ્યવસ્થિત કામ કરે છે. મને મજા આવી ગઇ છે.

આજ્ઞાંકિત આપનો ગુરુપ્રેમભિક્ષુ

તા. ૧૦–૧૧–૮૪
હોબોકેન (યુ. એસ. એ.)

પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય બાપુ,

ડાકોરની સ્મૃતિ ઘણીવાર થતી હતી અને આપ ડાકોરથી પત્ર લખી રહ્યા છો. કેવું આશ્ચર્ય ! ડાકોરની મૂર્તિને કોઈ વાત કરતો તો મનનું સમાધાન થતું તે પણ શ્રદ્ધાની અવસ્થા. હવે ગુરુજીનું ધ્યાન કરું છું. ચારે તરફ આનંદસાગર હિલોરે ચઢે છે. જીવનમાં ગુરુનું સ્થાન ન હોય તેના જેવી બીજી કઈ કમનસીબી? સંતશરણ એ પ્રભુશરણ છે. જીવનના ઘણા જ બનાવો ભાવીના ઇશારા કરી દે છે; સમદષ્ટિ હોય તો સમજાય. કોઈપણ વ્યક્તિ ભલે મહાન ગણાતી હોય પણ સંત યુગો સુધી યાદ રહે છે. મને આપનું જીવન બહુ જ ગમે છે. આપનું પ્રાપ્ત થવું મળવાનું એ મોટો માપદંડ બની ગયો છે. દરેક માણસને ૐ ભગવાનની સેવા કરવાનો મોકો મળ્યો હતો પરંતુ ચૂકી ગયા. ૐ ભગવાનની ઉદારતા.

ધીમે ધીમે ઉદાસીનતા આવતી જાય છે પરંતુ નિશ્ચિત કાર્યક્રમમાં ફેર પડવાનો નથી. ૐ પરિવારના સર્વમાન્ય સિદ્ધાંતોમાં ફેર પડશે

નહિ. બાપુનું કામ ઓમ્ ભગવાનનું કામ છે. તેમના વિચારોને જગત ઝીલી લેશે. સત્‌યુગ ચાલુ થઈ જશે. સત્ય, સત્ય તરીકે સ્વીકારાશે. ભારત સર્વોપરી બની જશે.

આજ્ઞાંકિત ગુ.પ્રે. ભિક્ષુના દંડવત્ પ્રણામ

તા. ૧૭–૧૨–૮૪

હોબોકેન (યુ. એસ. એ.)

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય ગુરુદેવ બાપુ,

આપનો પત્ર મળ્યો. વાંચીને આનંદ થયો ને મગજ સંપૂર્ણ સ્વસ્થતા અને શાંતિ અનુભવે છે. આનંદ છે. શબ્દાતીત. બધું જ શાંત. મન કોઇક નવીન દિશા તરફ જઈ રહ્યું છે. સ્થિરતા ગમતી નથી. ક્રિયાશીલ જીવન તરફ ખેંચાઈ રહ્યું છે. ખબર નથી તે ગતિ ક્યાં લઈ જશે.

બાપુ, ૧૯૮૪ ની પૂર્વ સંધ્યાએ આપને પ્રાર્થના કરીએ છીએ કે ૧૯૮૫ માં આપની અમોઘ શક્તિ ઓમ્‌પરિવાર જડ ચેતન જગતનું કલ્યાણ કરીને જ રહે. પરમ સત્તાનું સંચાલન એ જ જગતનું નિર્માણ છે. છતાં દૃષ્ટિ ભેદે ને અહમ્‌ની કોક દૃષ્ટિને કારણે જુદું ભાસે છે.

મનુષ્ય જન્મની સાર્થકતા સંતશરણ અને સંતચરણની ભક્તિ; બાકી તો ફાંફાં છે. આપનું બધું જ, આપની બધી જ વાતો સાક્ષાત્કાર તરફ લઈ જવાની છે. દરેક વ્યક્તિને ઝડપથી, સરળતાથી સ્વીકારવી પડે છે.

ખબર નથી. સવાર સાંજ રાત્રે સુઈ જઉં છું ત્યારે સતત આપ મય થઈ રહું છું. મને લાગે છે નજીકમાં મળવાનું છે. કોણ સાચું ને કોણ ખોટું તેનો નિર્ણય કરવાનો સમય જ નથી. બધું જ બાપુમય. ગુરુ વિના જ્ઞાન નથી પરંતુ જ્ઞાન (સમજણ) વગર ગુરુ જ નથી. હમણાં ઠંડી ૫૪°F છે. ડિસેમ્બરમાં ૩°F ચાલતી હોય છે. પરંતુ આપે લખ્યું હતું કે ઓમ્ ભગવાન આવશે. આજે ડિસેમ્બરમાં મેં પંખો ચલાવ્યો હતો. ભગવાન બધું જ ધ્યાન રાખે છે.

યોગેશને સંબોધીને :-

પૂ. બાપુનું જીવન જાણવા જેવું છે. જગતમાં એક જ ભગવાન છે. તારે જે જોઈએ તે પૂજ્યશ્રી પાસે છે. બહુ જ ધ્યાન રાખજે. જગતની આજુબાજુનું ધ્યાન ના કરીશ. બાપુ કહે એટલું કરીશ તો મને લાગે છે આખી એક પેઢી સંતપરંપરા બની ઊઠશે.

લિ. આપનો આજ્ઞાંકિત ગુ.પ્રે. ભિક્ષુના નમસ્કાર

## રસિકલાલ પટેલ ઉપર નો પત્ર

તા. ૨૬-૧૨-૮૪
હો.બોકેન યુ. એસ. એ.

સ્નેહી મિત્ર,

ભલામણ અને વિનંતિ છે કે પૂ. શ્રી (યોગભિક્ષુ)ના ચરણોમાં બધા મનોવ્યાપાર છોડી બેસી જાવ. પૂ. શ્રી. સાક્ષાત્ પ્રભુ છે તેમાં બે મત નથી. તેમની આજ્ઞા પ્રમાણે ચાલવાથી સાંસારિક વ્યવહારો વધુ કાર્યક્ષમ બનશે. સામાન્ય વાત નથી. ગણિતના ગુણાકારમાં સંસારની રમતો ભૂલોથી ભરેલી હશે પરંતુ પૂ. બાપુના ચરણોમાં અનંત જન્મોના (દોષો) નાશ કરવાની અગમ્ય શક્તિ છે. સત્યને સરળતાથી કહેવાની રીત-રસમ બાપુએ આગવી રાખી છે. તેથી બાપુ સમજી શકાવાના નથી; ઘણા સંતો, ઘણાં શાસ્રો અને જે બધું અતીત છે તે બધાનો સરવાળો બાપુ પાસે ફિક્કો છે.

પૂ. બાપુ માટે કાંઈ લખવું તે "નેતિ-નેતિ" જેવું છે. મારા અને તમારા કંઈ જન્મોનાં સુકૃત હશે, જેથી પૂ. બાપુ જેવા ગુરુદેવ મળ્યા છે. યોગની એટલી બધી ઊંચી ભૂમિકામાં હોવા છતાંય પ્રેમ-પ્રદાનની એટલી સહજ ભૂમિકામાં પ્રવર્તે છે. સામાન્ય માણસ તેમની આગળ મૂંગા થઈને બેસી રહેવાનું પસંદ કરે તે મૌન લક્ષણા ભક્તિ છે. પૂ.શ્રી સિવાયનું જીવન, જીવન જ નથી. તેથી સંકલ્પ કરી લેવો કે બધાં જ કામ મૂકીને બાપુનાં દર્શન અવશ્ય કરીશ.

પૂ.શ્રીના તમારા ઉપર અનંત આશીર્વાદ હો. સાંસારિક ચિન્તાઓ પૂરી થયા પછી પણ ચિન્તાઓ છે જ. તેનો અંત નથી. છતાં સામાન્ય બુદ્ધિથી વ્યવહારિક કામોનો ઉકેલ આવી શકે. સૌની સાથે પ્રેમથી વર્તવું એટલે કે થોડોક અહંકાર બાજુ પર મૂકવો. સ્નેહનું ગાઢપણું પ્રભુની નિકટમાં લઈ જાય છે.

આપણા બધાનાં બાપુ આપણું કલ્યાણ શેમાં છે તેનું ધ્યાન રાખે છે. કર્મની ગતિ ગહન છે. વિચારો નું પરિવર્તન તેનું નામ ભાવી. દરરોજ સમયસર દશ મિનિટ ધ્યાન કરવું. ઘણા રસ્તા સરળ બનશે. પ્રભુસ્મરણ ઘણી યાતના દૂર કરે છે સાવ ખાલી થઈને સત્સંગમાં જવું. મોટાઈ આપવાથી મોટાઇ મળે છે. જેણે સુખનો મોહ છોડયો તે જ એક સુખી છે. બીજાની ભૂલોમાં નહિ પરંતુ બીજાના સુખમાં રાજી થવાની કળા આવડે તો ખરા સુખી થઈ શકાય.

લિ. વિનુભાઈના જયનારાયણ

❖

તા. ૩૧-૧૨-૮૪

હોબોકેન (યુ. એસ. એ.)

પ. પૂ. પ્રાતઃ સ્મરણીય બાપુ,

નવું વર્ષ આપની કૃપા અને આશીર્વાદથી આધ્યાત્મિક અને ભૌતિક રીતે સારી રીતે પસાર થાય. ઓમભગવાનનો આપના દ્વારા દિગ્વિજય થાય તેવી આપને પ્રાર્થના.

૧૯૮૪નું સરવૈયું-અહંકાર, ઈર્ષા, ક્રોધ, વગેરેથી ઘેરાઈ ગયા હતા; આપની કૃપાથી જ બચ્યા. ચોર્યાશીની જાન્યુઆરીથી એક પછી એક પ્રસંગે પરમાત્માએ તેની ચેતનાનો અનુભવ કરાવ્યો. બધા જ નજીકના, દૃષ્ટિભેદથી દૂર ભાગે છતાં જળકમળવત્ રહેવાયું. દરેક જણનો દિવ્ય અનુભવ થયો. તેમના દ્વારા પ્રભુની માયા જોઈ....બધાયે ધીમે ધીમે શરૂ કર્યું છે કે બાપુને કયારે બોલાવો છો ? મેં કહ્યું કે બાપુને બોલાવવા સંઘબળ જોઈએ. બધાને બાપુના પરચા જોવા છે! મારી તો એક જ વાત છે કે સાચી સમજણવાળું દિવ્ય અને

આદર્શ જીવન જીવવું હોય તો બાપુ તેમનું સૌનું સ્વાગત કરે છે. લોકો સંતોનો પ્રચાર કરે છે ત્યારે મને એમ લાગે છે કે "સ્વયં જયોત" બાપુનો પ્રચાર કોઈ કાળે હોઈ ન શકે. બાપુનો ધર્મ–આચરણ દ્વારા સાક્ષાત્કાર–સમાધાન છે. કદાપિ સિંહ સાથે ઘેટાનાં ટોળાં ન શોભે.... બાપુનું જીવનકાર્ય અનેક અવતારો થઈ ગયાં છે તેવું છે. બાપુની દરેક ક્રિયા દિવ્ય, સરળ અને શાસ્ત્રીય છે.

સાચા માણસો બાપુને છોડી શકે જ નહીં. આપની બધી વાતો પહેલા તો બુદ્ધિ ચલાવ્યા વગર સ્વીકારી લેતો, પછી બુદ્ધિથી સ્વીકારવાનું શરૂ થયું. હવે લાગે છે કે બાપુ જ સત્ય, સત્યશિવમય.

૧૯૮૪નું વર્ષ અનુભવયુકત આનંદદાયક વર્ષ છે. પરમાત્માના બારે મેઘ પ્રજ્ઞામંડળ ઉપર ત્રાટકયા, અહંકારે માઝા મૂકી, ઈર્ષાઅગ્નિ પ્રગટયો, ધન્ય છે. ૧૯૮૪–જીવનમાં નવી ચેતના–રોશની–એફિકરાઈ ખીલેથી છૂટયા પછી તેના ઉપર બધા જ હક્ક જમાવે–આ છે રીતરસમ.

⁂

તા. ૨૭–૩–૮૫

હોબોકેન (યુ. એસ. એ.)

પ. પૂ. પ્રાતઃસ્મરણીય શ્રી શ્રી ગુરુદેવ બાપુ,

એક દિવસે આપના અહીંના સત્સંગ કાર્યક્રમની કેસેટો ત્રણ કલાક સળંગ સાંભળી. જાણે બાપુ અમેરિકામાં છે. ફરી જુવાન થઈ ગયો. સબ કુછ કર સકતા હું ! આપનો અવાજ જ નાદબ્રહ્મ છે, સંજીવનીમંત્ર છે. જેની સાથે આપ તે આપ જ બની જાય. જય હો બાપુની ! સારા જગમાં જીવી જાણે તે જ બાપુ. સુખશાંતિ માટે સત્કર્મ એ અમોઘ ચાવી એવું કેસેટમાં સાંભળ્યું....કાંઈપણ અધ્યાત્મિક વાંચન કરું છું ત્યારે બાપુ આપ બધામાં જ હો. ગીતામાં, કોઈપણ શાસ્ત્રમાં આપ બિરાજમાન છે.

⁂

તા. ૭–૮–૮૫

હોબોકેન (યુ. એસ. એ.)

પ. પૂ. પ્રાતઃસ્મરણીય ગુરુદેવ બાપુ,

આપની કૃપામાત્રથી અમેરિકાની ધરતી ઉપર બચી રહ્યા છીએ. અહંકાર જ સર્વત્ર વિનાશનું કારણ છે આ સમજી શકવા છતાં તે તરફ ખેંચાઈ ગયા, કારણ ખબર નથી. ગુરુ સમ ઓર કોઈ નહીં દાતા, માતા, પિતા પુત્ર, કે ભ્રાતા; આ વાકયને મંત્ર બનાવી દીધો પછી મન શાંતિ અનુભવી રહ્યું. પ્રભુની પરમશક્તિથી જ આ બધું બને છે. સૌના બેલી શ્રી ગુરુદેવ ! આજે સમજે કે કાલે સમજે, બધું જ ગુરુદેવ. ગુરુદેવમાં મનુષ્યભાવ કલ્પવો તે જ પતનનું પ્રથમ સોપાન–

અત્યારે શૂન્યાવસ્થામાં છું પછી પ્રભુઅવસ્થામાં લાવે.

❋

તા. ૨૭–૧૨–૮૫

હોબોકેન, યુ. એસ. એ.

પ. પૂ. પ્રાતઃસ્મરણીય બાપુ,

આપની કેસેટ સાંભળી આનંદ થઈ ગયો. ભિક્ષુઓ દૂર થઈ શકે એ સ્થિતિ કદાપિ બની જ ન શકે. ઘણા મહાપુણ્યે આપની પાસે આવવાનું થયું છે. એટલે નક્કી જ છે કે બાપુ સિવાયનું જીવન વ્યર્થ છે. મ્હારીનું જીવન નથી જોઈતું. મેતમછંદર ગોરખ આયાની વાત સંપૂર્ણ છે. જેટલી વાતો કહેતા હતા તે પ્રમાણે ચાલી રહ્યો છું. ગુરુગીતાનું સામાન્ય દર્શન પછી જીવનનું છેલ્લું દર્શન પ્રાપ્ત થાય છે.

ઉષાબેને પ્રભુભક્તિ સિદ્ધ કરી લીધી છે તેવું તેમના વિચારોથી જણાય છે. પ્રભુ ઘેર આવે કે ન આવે છતાંય પ્રભુ, પ્રભુ જ છે. પ્રભુનું સૂક્ષ્મ નામ ગુરુદેવ છે.

ગુરુપ્રેમભિક્ષુના જયનારાયણ

❋

તા. ૫-૧-૮૬

પ. પૂ. પ્રાતઃ સ્મરણીય બાપુ, હોબોકેન યુ. એસ. એ.

ધીમે ધીમે નિજાનંદ અને નિર્મળતાની વચ્ચે આવી રહ્યો છું એવું થયા કરે છે. દરેક ક્ષણ ગુરુમય બને તો જ જીવન સાર્થક થયું કહેવાય. કર્તાહર્તા શ્રી ગુરુદેવ છે.

બાપુને ભગવાન સમજ્યા પછી કોની ફિકર ? બાપુનું આગમન વિદ્યુત-પ્રવાહ છે. બાપુ આપ ચાહો તે કરી શકો છો. બાપુ પ્રગટ સત્તા. સંસારી વ્યવહારો સાથે બાપુના કાર્યક્રમને કાંઈ જ સંબંધ નથી. ૧૯૮૬ એ પૂ. બાપુનું વર્ષ, ઓમ્ પરિવારનું દિગ્વિજયી વર્ષ.

ગુ. પ્રે. ભિ. ના નમસ્કાર

તા. ૧૮-૭-૮૬
હોબોકેન યુ. એસ. એ.

પ. પૂ પ્રાતઃસ્મરણીય બાપુ,

ગુરુપૂર્ણિમા નિમિત્તે, નિયમ પ્રમાણે, આપની આજ્ઞા નથી મોકલવાની છતાં વૃત્તિઓને રોકી શકીએ તેમ નથી. લાચાર. તે બદલ ક્ષમા આપશો. અમે શું આપી શકીએ ? દાતા એક રામ-મુગટરામ. માગનારને મળતું નથી. માગ્યા વગર મળતું નથી. જગત દ્વિધાત્મક છે.

મને લાગે છે કે હું બહુ દુઃખી છું પરંતુ જ્યારે મારી નજર ઘણાં કુટુંબોમાં જાય છે ત્યારે જગતમાં હું સુખી છું. સંતોષ પરમ ધન છે. પત્રિકામાં મારા મનની વાત લખી છે. બાપુ ! હવે સ્વીકારવું પડશે જ "નિરંતરયામી." મારા દ્વારા આપને, ઓમ્ ભગવાનને કાંઈક કરાવવું હશે તો જ ઘણા પ્રસંગોએ "ગુરુજી આપ તેમાં છો" એટલું બોલ્યો નથી અને કામ થઈ ગયું હશે. કોઈ પણ સંત કે મંદિરમાં મૂર્તિઓમાં; જડ કે ચેતનમાં બાપુ તમે જ છો, પછી તો પૂછવું જ શું ? કર્તાહર્તા બાપુ, ઓમ્ બાપુ. ઘણા દિવસે પત્રમાં ભાવ તરંગોને વ્યક્ત કરુ છું.

દરેક ક્રિયા કર્મ તરફ લઈ જાય છે. પરિણામ બંધનરૂપ છે. તેથી જ મહાપુરુષોએ સમાધાન–સંતોષનો મહાસેતુ બાંધ્યો છે. જ્યાંથી રામ પસાર થાય. જેથી જીવજંતુનું કલ્યાણ થાય.

ગુરુપુર્ણિમાના સૂર્યોદય ટાણે આપની પાસેથી આશીર્વાદની મહાન ભેટ લઈ રહ્યાં છીએ જે માનસેવા–પ્રભુસેવા કે ગુરુ–સેવાના ભગીરથ કાર્યમાં હોમીને આનંદની પરમસ્થિતિને નિજાનંદમાં નીરખીએ.

ગુરુપૂર્ણિમા ઊજવવા માટે નિમિત્ત બનેલાં એ મહાન આત્માઓને કોટિ કોટિ વંદન. ઓમ્ ભગવાન બારે મેઘ વરસાવે એવી આપને પ્રાર્થના.

લિ. ગુરુપ્રેમભિક્ષુના દંડવત્ નમસ્કાર

તા. ૩–૩–૮૭
હોબોકેન

પરમ પુજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી શ્રી શ્રી બાપુ,

આપની અહર્નિશ કૃપાથી અમેરિકા જેવી ધરતી પર રહીએ છીએ. વાતાવરણ હમણાં ઘણું જ ખરાબ છે. લોકોને પોતાની જાત ઉપરથી વિશ્વાસ ઊઠી ગયો છે. મોંઘવારી પુષ્કળ છે. ઘરનાં ભાડાં પુષ્કળ છે.

ઓમ્ પરિવાર જોરશોરથી ચાલુ થાય તેવા આશીર્વાદ મળે તેવી પ્રાર્થના. ઓમ્ ભગવાનની ઇચ્છા સર્વત્ર વ્યાપ્ત છે. આપનાં શબ્દો પ્રભુમય શબ્દો છે. અમારું મન આપની સાથે જ રહે એ જ કલ્યાણ; બાકી હવામાં ફાંફાં છે.

ગુરુપ્રેમભિક્ષુના દંડવત્ પ્રણામ

તા. ૧૫–૫–૮૭

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય બાપુ,

આપનો ૨–૫–૮૭ નો લખેલ પત્ર આજે મળ્યો છે. વાંચીને દિવ્ય અનહદ આનંદ થયો. માનસિક પૂજન તેમજ સ્મરણ ચાલુ છે.

પ્રતિકૂળતાઓએ ભીડો લીધેલ. પરંતુ આપની ફકત કૃપાથી ઘણાં પ્રસંગો માંથી પાર નીકળીએ છીએ. છેલ્લા ત્રણ દિવસથી ઓમ્ પરિવારનું -બાપુ પરિવારનું કાર્ય જલદ રીતે કરવું જ આવા વિચારો ચાલતા હતાં. અહીંની ભૌતિકતાથી સંત પુરુષો ઠગી જાય તો સમાન્ય ગુરુ વિહીન દશામાં જીવતા માણસોની શી તાકાત! આપની કૃપા એટલે ઓમ્ પ્રભુની કૃપા આ સમજ સાથે જીવન જીવીએ તો સાચી સમજણની દિશા તરફ જવાય.

"ઓમ્ ગુરુ પરમાત્મા સૌને બનાવો દિવ્યાત્મા." પાંચ હજાર વર્ષ પછી આ સૂત્ર આપના દ્વારા સરળ ભાષામાં ઊતર્યું છે. બાપુ મારી પાસે શબ્દો નથી પરંતુ ઇતિહાસ અને ઓમ્ ભગવાન સાક્ષીમાં રહેશે. ઓમ્ ભગવાન કરુણા સભર છે.

અમે તો સૂકી ભાખરી માંગી હતી પરંતુ ઓમ્ પ્રભુએ ઘણું જ દીધું. આભાર.

લિ. આપનો આજ્ઞાંકિત ગુરુપ્રેમભિક્ષુના નમસ્કાર

તા. ૨૪-૪-૮૭

હોબોકેન

પરમપૂજ્ય પ્રાત:સ્મરણીય ઓમ્ ગુરુબાપુ,

આપના બંને પત્રો મળ્યા છે. પત્રિકા વાંચી અનહદ આનંદ અનુભવ્યો. આપના પત્રથી મનની સ્થિરતાનો અનુભવ થાય છે. અંધકારમાંથી પ્રકાશ તરફની ગતિ થઈ રહ્યાનો અનુભવ થઈ રહ્યો છે.

આપની આજ્ઞાનું પાલન નહીં થવાના કારણે આ લોક તેમજ પરલોકમાં ખામી આવે છે.

આપને આનંદમાં રાખવાનું અમોઘબળ પ્રાપ્ત થાય તેવી ઓમ્ ભગવાનને પ્રાર્થના.

તા. ૧૫-૯-૮૭

હોબોકેન (યુ. એસ. એ.)

પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય બાપુ,

આપનો પત્ર વાંચીને અનહદ આનંદ. ચાર વખત વાંચ્યો. મિચ્છા મી દુક્કડમ્‌ની સાચી સમજ પ્રાપ્ત થઈ. જૈનકુળમાં જન્મ લઈને આજે જૈન ની સાચી સમજણ થઈ. તેની વિસ્તૃત સમજ સમગ્ર માનવ જાત માટે છે.

હવે તો મનમાં એમ થાય છે કે બાપુ ના હોત તો ક્યાંય માટીનાં પૂતળાં રમાડતાં હોત! સમય જ નક્કી કરશે કે બાપુ સર્વોપરી સત્તાનું કેન્દ્રીકરણ છે. બાપુ આપે વિચાર-અતિક્રમણ અમારા અને સર્વેમાં જે કર્યું છે તે માટે શબ્દો ફિક્કા છે.

લિ. ગુરુપ્રેમભિક્ષુના દંડવત્ પ્રણામ અને જય નારાયણ

તા. ૩૦-૬-૮૮

પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય ગુરુદેવ બાપુ,

અહીંથી ભારત આવનાર બીમાર થઈ જ જાય છે. હું તો આપની પાસે 'ધર્મમેઘ'માં દરરોજ આવતો અને ગાજરનો રસ પીતો તેથી બચી ગયો. સંતોની વાતોમાં વિશ્વાસ ત્યારે આવે કે જ્યારે ઘણા જન્મોનાં પુણ્ય હોય. સરળતાભર્યું જીવન અને અહંકાર મૂકીએ તો સંતોની સમીપ જઈ શકીએ.

૨૪ દિવસ અને ૨૪ કલાકનો ગાયત્રી જપયજ્ઞ કળિયુગમાં પરં પાવનકારી અને પુણ્યપ્રદ પ્રસંગ કહેવાય, જેની દેવોને પણ અદેખાઈ આવતી હશે. શ્રી શાંતિલાલજીને મારા લાખ લાખ નમસ્કાર. પૂજ્યશ્રી આપની નિશ્રામાં થયેલ આ જપયજ્ઞથી પ્રભુ બહુ રાજી થયા હશે. વરસાદના સમાચાર મળ્યા છે.

લી. આપનો

ગુરુપ્રેમભિક્ષુના જયનારાયણ

તા. ૧૩–૭–૮૮
હોબોકેન

## (શ્રી વિજયભાઈ પટેલ ઉપરનો પત્ર)

પૂજ્ય શ્રી ગુરુદેવની નિશ્રામાં ૩૦ દિવસના જપયજ્ઞનો લાભ તમે લઈ રહ્યા છો. આવો લાભ કળિયુગમાં મળવો મુશ્કેલ છે. પૂજ્ય ગુરુ-દેવ પસંદ કરે છે ત્યારે પ્રકૃતિ બેફામ બની જાય છે, ચારે ધાર વરસાદ થઈ જાય છે. લોકોને લાલચ આપીને ઘણું સમજાવીએ છીએ છતાં કર્મનાં પડળ તૂટેલાં હોય તો શું થાય?

વિજયભાઈ, કોઈ જાતની મગજની કસરત કરશો જ નહીં. આ તો પાતાળમાંથી તમારાં પુણ્ય ફૂટી નીકળ્યાં કહેવાય. પૂજ્ય બાપુનું પરમ ધ્યેય સમાજને બેઠો કરવાનું સિદ્ધ થઈને જ રહેશે. મેઘરાજાને ધન્યવાદ.

વિનુભાઈના જયનારાયણ

❋

માનનીય શ્રીપંકજભાઈ,

પૂજ્ય ગુરુદેવ તમારી અંદર મૂર્તિમંત રીતે કાર્ય કરી રહ્યા છે. "આખર લગી રહે એકતા તો મનુષ્ય નહીં તે દેવ." એ વાત સાચી પરંતુ પૂજ્ય બાપુની ઈચ્છા હોય તો જ. બાપુ પ્રગટ પ્રભુ છે. મગજ બંધ કરીએ તો જ પત્તો પડે તેમ છે. બાપુથી ભાગી જનારા ભાંગી પડે છે. બાપુ જેવું સાચું, સરળ અને શુદ્ધ સ્વરૂપ મળવું મુશ્કેલ છે. ઘણા જન્મો પછી આપણે બાપુની કૃપામાં જકડાયાં છીએ. કોઈ પણ વ્યક્તિને સુધારવો હોય તો ઘરના પૈસા ખર્ચીને બાપુ જેવા સંત પાસે લાવવો, બધી રીતે તૈયાર કરીને (અર્થાત્ સંત સાથે કેવી રીતે વર્તવું તે શિખવાડીને).

લિ. વિનુભાઈના જયનારાયણ.

❋

ડો. સોમાભાઈ,

તમે કોણ છો ? વામન અવતાર. પ્રભુ તમને પ્રભુ બનાવીને જ રહેશે. ગાયત્રી જપયજ્ઞમાં બેઠા એટલે નક્કી થઈ ગયું કે તમે વાણીસિદ્ધ થવાના.

લિ. વિનુભાઈ

તા. ૨૦-૧૦-૮૮

પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય બાપુ,

ગુરુસંતોનું ઋણ ચુકવી શકાય તેમ નથી. સાંસારિક સબંધોને શી ખબર પડે કે ઇચ્છાના પૂતળાની અંદર પરમાત્મા જોવો તે ગુરુકૃપા સિવાય શકય નથી.

લિ. –ગુ. પ્રે. ભિક્ષુના નમસ્કાર

તા. ૨૮-૭-૮૮
હોબોકેન

પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય ગુરુદેવ બાપુ,

ગુરુપૂર્ણિમાના પવિત્ર પૂણ્યશ્લોકો અને પાવનકારી પ્રસંગે આપના ચરણકમલમાં મારા હૃદયદ્રવક નમસ્કાર. ૐમ્ પરિવારના નિર્મળ અને નિર્દોષ ભક્તજનોને મારા જયનારાયણ.

જૈન પરિપાટીમાં સાધુજનો દેરાસર અને ઉપાશ્રય બંધાવે છે, પણ આપે ચૈતન્ય મંદિર બંધાવ્યાં. અર્થાત્ સાચી સમજણની સુરગંગા વહાવી. જપયજ્ઞ કરાવીને બાપુ તમે ગંગાને ફરીથી ભારત ભૂમિ પર લાવ્યા છો. મૈત્રરાજાએ આપનો એક એક શબ્દ આચરણમાં મૂકયો છે.

ગુરુપૂર્ણિમા એ જ્ઞાનપૂર્ણિમા બની રહેશે. આપની કૃપાથી શાંતિનો અનુભવ કરી રહ્યા છીએ. જે આપનાર છે તેને શું આપી શકીએ ? છતાં નમ્રતારૂપી ભેટ સ્વીકારશો. સૌને નારાયણ.

૫-૧૧-૮૮
હોબોકેન.

પ. પૂ. પ્રાતઃસ્મરણીય ગુરુદેવ બાપુ,

આપનો પત્ર તેમજ પત્રિકા મળી છે. અનહદ આનંદ. પત્રિકામાંથી એક જ અવાજ આવે છે કે બધું કરીને તે જ પામવાનું છે. સમજણ એ સર્વ સિદ્ધિની સિદ્ધિ છે. મનુષ્ય ભાવ અધઃપતનનું મૂળ કારણ છે. આખર લગી રહે એકતા તો મનુષ્ય નહીં એ દેવ.

આપની અલૌકિક કૃપાથી તા. ૧-૧૧-૮૮થી ભરતને પ્રોગ્રામરની જોબ મળી છે. બધું જ અને બધાં જ જીવનના કાર્યક્રમો આપ દ્વારા જ શક્ય બન્યા છે. આપે પત્રમાં લખેલું કે આગળથી આ વસ્તુઓ બની, પરંતુ મને ખબર છે આપની કૃપાથી બની છે, હવે કાંઈ બનશે તે પણ આપથી. મગજ આ બધો ભાર લઈ શકે જ નહીં. વિચારશૂન્યમાં જવું એ પ્રભુકૃપાથી જ થાય. ઓમ્‌પરિવારના મહાભાગ્ય કે આપ જેવા સમર્થનો તેને પડછાયો છે – આશ્રય છે. જે કોઈ બાપુના નામનો જપ કરશે તેને માટે કશું જ અસાધ્ય નથી. પત્રિકાનું લખાણ વેદોનો સાર છે.

બાપુ કેમ રાજી થાય તેવી ચાવી સરળ અને સુગમપણે મળે, બાપુને તેવી પ્રાર્થના.

આપના ગુરુપ્રેમભિક્ષુના જયનારાયણ

તા. ૨૭-૧૧-૮૮
હોબોકેન.

પ. પૂ. પ્રાતઃસ્મરણીય શ્રી શ્રી શ્રી બાપુ,

રાજુ અહીંયા હેમખેમ આવી છે. (તે) આપની પરમ ઉપકારક કૃપાનું પરિણામ છે. છેલ્લા કેટલાય દિવસથી ઠંડી ૩૦° ફે. થી ૪૫° ફે. રહે છે, તેમજ વરસાદ પણ હોય છે પરંતુ રાજુ આવી તે દિવસે ૬૫° ફે. ઠંડી જ નહીં. આ ગુરુકૃપા નહીં તો બીજું શું ? અલ્પ બુદ્ધિ-વાળા આ બધું ના સમજી શકે.

આપે મોકલેલી વસ્તુઓ અમૂલ્ય છે. આપે મોકલેલી કેસેટ અત્યારે સાંભળી રહ્યો છું. 'હેલી ચડી'નું ભજન અત્યારે ચાલી રહ્યું છે. સાંભ-ળીને બહુ આનંદ થાય છે. નોકરી નથી કરતો; ઈચ્છા નથી. પ્રભુપ્રાપ્તિ

સિવાય કાંઈ જ ઇચ્છા નથી. બહારની ઘણી ભૌતિકતાનું કાંઈ જ મૂલ્ય નથી. ઈશ્વરીય આનંદ-અક્ષર આનંદની પ્રાપ્તિ થાય તેવી પ્રાર્થના. આપ વિષે લખવા માટે જગતનો શબ્દકોષ ફિક્કો છે.

આપની કૃપા જગતમાં – ચરાચર જગતમાં વિખરાયેલી છે. લેનાર કોક સતિયો જાગશે અને જીવ, જગત અને જગદીશથી ભરી દેશે. પ્રભુ જે કરાવે તે કરવું. કર્મના ફળની કયાં સુધી રાહ જોવી? જે થાય તે કલ્યાણપ્રદ છે.

'જય નારાયણ' એમ બોલતાંની સાથે નારાયણની અનુભૂતિ થાય ત્યારે બોલ્યા કહેવાય. આપ એવી કૃપા કરશો. 'પ્રેરણાસિંધુ' રાજુ લાવેલી. તે વાંચી અનહદ આનંદ થયો. ગંગા અવતરણ શંકર ભગવાને ઝીલ્યું હતું. હવે, ઓમ્‌ભગવાનના સાચા વારસદાર પૂ. બાપુએ ઝીલ્યું છે. બાપુ, પ્રજ્ઞાની પૂર્ણતાનું દર્શન થયું. બાપુનો જયજયકાર હો. બાપુને ઓમ્‌ભગવાન દીર્ઘાયુષ્ય આપે, જેથી માનવીને માનવતાનું મૂલ્ય સમજાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય.

લિ. આપનો નાનો બાળક
ગુરુપ્રેમભિક્ષુના પ્રેમનારાયણ

❖

તા. ૨૧-૮-૮૭
હોબોકેન (યુ.એસ.એ.)

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય પૂ. બાપુ,

આપનો પત્ર મળ્યો. કેટલાય વખતથી ઉદાસીનતા રહે છે. શું જ્યોતિષ (બીચારૂં)? આત્માની ઓળખ વિના બધું જ અંધારૂં. કયાં ફાંફાં મારવા? જગત મિથ્યા, બ્રહ્મ સત્ય. જગત મિથ્યાનો અનુભવ થવો અને બ્રહ્મ સત્યનો અનુભવ થવો કોને ખબર છે? ગુરુજી સત્ય.

આનંદની લબ્ધિ એ જ સાચો રાહ છે. બાકી બધું નિરર્થક જ છે. આ બધું આપની કૃપા વિના સરળ નથી જ.

લિ. આપનો આજ્ઞાંકિત
ગુ. પ્રે. ભિક્ષુના જયનારાયણ

❖

॥ ॐ ॥

# —: ઓ. પ્રે. પ. ટ્રસ્ટનાં પ્રકાશન :—

| | | |
|---|---|---|
| ૧. | ગુરુમહિમા (યોગરહસ્યોથી ભરપૂર) | ૧૫–૦૦ |
| ૨. | મુક્તા (યોગદર્શનનો સમાધિપાદ) | ૧૫–૦૦ |
| ૩. | શાંતા (યોગદર્શનનો સાધનપાદ) | ૧૫–૦૦ |
| ૪. | મારા ગુરુદેવ (જીવન અને સાધનાની અનુભૂતિઓ) | ૧૨–૦૦ |
| ૫. | ઈશ્વર કોને કહી શકાય ? (ઓમ્ વિષેની માહિતી) | ૪–૦૦ |
| ૬. | મૈત્રી (ગુજરાતી) વિશ્વશાંતિનું યોગરહસ્ય | ૨–૦૦ |
| ૭. | મૈત્રી (અંગ્રેજી) " " | ૨–૫૦ |
| ૮. | પૂ. શ્રીમાં ઈશ્વરદર્શન (દક્ષિણ ભારત અને અમેરિકાની યાત્રા) | ૪–૦૦ |
| ૯. | સત્સંગપરાગ (પસંદ કરાયેલા સુવાક્યો) | ૨–૦૦ |
| ૧૦. | નિર્ઝર ઝર્યું કો ગેબથી (ગુજરાતી) (વિશ્વ અશાંતિનાં ગુહ્ય મૌલિક કારણો) | ૫–૦૦ |
| ૧૧. | નિર્ઝર ઝર્યું કો ગેબથી (હિન્દી અને અંગ્રેજી) | ૧૦–૦૦ |
| ૧૨. | નિર્ઝર ઝર્યું કો ગેબથી (અંગ્રેજી) | ૭–૦૦ |
| ૧૩. | ગુરુપૂર્ણિમા (ગુરુપૂર્ણિમાનો મહિમા ગાતી અદ્વિતીય પુસ્તિકા) | ૨–૫૦ |
| ૧૪. | ઈઝીએસ્ટ ઇઝ રીઅલાઇઝેશન (અંગ્રેજી) (જીવન ઉપયોગી લેખો) | ૫–૦૦ |
| ૧૫. | ઓમ્ પરિવાર (જીવન ઉપયોગી લેખો) | ૧–૦૦ |
| ૧૬. | ધ્યાન શા માટે ? (ગુજરાતી અને અંગ્રેજી) | ૩–૦૦ |
| ૧૭. | ઓમ્ નારાયણનાં સુંદર સુરેખ ચિત્ર | ૨–૦૦ |
| ૧૮. | ઈશ્વરકી પહેચાન (ઓમ્ વિષેની વિસ્તૃત માહિતી સૂત્ર ૨૪ થી ૨૯–પાતંજલ યોગદર્શન સમાધિપાદ તથા બીજા મૌલિક લેખો) | ૧૧–૦૦ |
| ૧૯. | સ્વાધ્યાય | ૮–૦૦ |
| ૨૦. | મારે સમાજને બેઠો કરવો છે (પૂ. મોટાના વાક્યની મૌલિક સમજ) | ૭–૦૦ |
| ૨૧. | પ્રેરણાસિન્ધુ (તહેવારો વિષેની તાત્ત્વિક સમજ) | ૬–૫૦ |
| ૨૨. | પ્રેરણાપીયૂષ (ગુરુપ્રેમભિક્ષુજીના પ્રેરણાદાયી પત્રો) | ૮–૦૦ |

प्रेम-समर्पण-ध्यान

“अहं, गुरु बनकर ही रहूँगा”